RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર


MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 317, Dt.28-02-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# હિમાચલમાં કોંગ્રેસની સુખ્ખુ સરકાર સંકટમાં

## હિમાચલમાં ઓપરેશન લોટસ શરૂઃ રાજ્યસભાની ચૂંટણી બાદ ભાજપ ફુલ ફોર્મમાંઃ રાજ્ય સભામાં વિજય બાદ રાજ્યપાલને મળતાં ભાજપના જયરામ ઠાકુરઃ ફ્લોર ટેસ્ટની કરાઈ માંગણીઃ કોંગ્રેસનું ડેમેજ કન્ટ્રોલ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હિમાચલ પ્રદેશમાં કોંગ્રેસ સરકાર મુશ્કેલીમાં છે. રાજ્યસભાની ચૂંટણીમાં ક્રોસ વોટિંગને કારણે પાર્ટીના ઉમેદવાર અભિષેક માનુસિંઘવીની હાર એ મુખ્ય પ્રધાન સુખવિંદર સિંહ સુખુની સરકાર માટે ખતરાની ઘંટડી છે. કારણ કે, પક્ષના જે છ ધારાસભ્યોએ ક્રોસ વોટિંગ કર્યું હતું તે હવે નારાજ જૂથમાં જોડાઈ ગયા છે. આવી સ્થિતિમાં આવનારા સમયમાં સરકારની મુશ્કેલીઓ વધી શકે છે. ભાજપના સિમ્બોલ પર રાજ્યસભાની ચૂંટણી જીતનાર હર્ષ મહાજને દાવો કર્યો હતો કે કુલ ૨૬ ધારાસભ્યો સુખસેનાથી ખુશ છે અને તેમને સીએમ બનાવવા માગે છે. દરમિયાન, પૂર્વ મુખ્યમંત્રી જયરામ ઠાકુર આજે રાજ્યપાલને મળ્યા હતા.

હિમાચલ પ્રદેશમાં વિધાનસભાનું સત્ર ચાલી રહ્યું છે. બુધવારે બજેટ રજૂ થશે. પાર્ટીના રણનીતિકારો માને છે કે મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુને બજેટ પસાર કરવામાં કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડશે નહીં. કારણ કે, સરકાર પાસે વિધાનસભામાં બહુમતી છે. પરંતુ પાર્ટી માટે આ એક મોટો ફટકો છે અને પાર્ટી માટે હિમાચલ પ્રદેશમાં પોતાની સરકાર જાળવી રાખવી આસાન નહીં હોય. રણનીતિકારોનું માનવું છે કે પાર્ટી કરતા મુખ્યમંત્રી સુખુ માટે આ મોટો ફટકો છે. કારણ કે, તેઓ ધારાસભ્યોને એકજૂટ રાખવામાં નિષ્ફળ રહ્યા છે. પાર્ટીના એક નેતાએ કહ્યું કે ૨૫ ધારાસભ્યો હોવા છતાં, ભાજપે રાજ્યસભા માટે ઉમેદવારો ઉભા કરીને પોતાનો ઈરાદો સ્પષ્ટ કરી દીધો હતો, તેમ છતાં મુખ્યમંત્રી પરિસ્થિતિને સમજવામાં નિષ્ફળ ગયા. આના કારણે તેની ઈમેજ પર પણ અસર પડી છે.ભાજપ આજે સુખુ સરકાર વિરૂદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવી શકે છે.ભાજપ પ્રમુખ ડો.રાજીવ બિંદલે જણાવ્યું હતું કે બુધવારે સુખુ સરકારને બહુમતી સાબિત કરવા માટે રાજ્યપાલને મળીને માંગ કરવામાં આવશે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫નું બજેટ પણ ૨૯ ફેબ્રુઆરીએ પસાર થવાનું છે અને સુખુ સરકારને ગળહની અંદર ૩૫ ધારાસભ્યોની જરૂર પડશે, પરંતુ છ ધારાસભ્યોના બળવાને કારણે કોંગ્રેસ પાસે હાલમાં માત્ર ૩૪ ધારાસભ્યો છે.

## પોરબંદર-છાયા અને નડિયાદને મહાનગરપાલિકાનો દરજ્જો

**મુખ્ય સમાચાર, પોરબંદર**

ગુજરાતમાં રાજ્ય સરકારે વધુ બે મહાનગરપાલિકાઓની રચનાની જાહેરાત કરી છે. સૌરાષ્ટ્રમાં પોરબંદર-છાયાને હવે નગરપાલિકાના બદલે મહાનગર પાલિકાનો દરજ્જો મળશે. આ જ રીતે નડીયાદ નગરપાલિકાને પણ મહાનગરપાલિકાનો દરજ્જો અપાયો છે.

રાજ્યમાં હાલમાં ૮ મહાનગરપાલિકા છે અને બજેટમાં વધુ ૭ મહાનગરપાલિકા બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ, મહેસાણા તથા સુરેન્દ્રનગર-વઢવાણનો સમાવેશ થાય છે.

# વેરાવળ બાદ પોરબંદરના અરબી સમુદ્રમાંથી રૂા.૨000 કરોડનું ડ્રગ્સ ઝડપાયું

**મુખ્ય સમાચાર, પોરબંદર**

પોરબંદર અરબી સમુદ્રમાંથી અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રગ્સનો જથ્થો પકડવાનો મામલો સામે આવ્યો છે. જેમાં ૩૧૩૨ કિલો ડ્રગ્સનો જથ્થો હોવાનું સામે આવ્યું છે. ગઈઇ, ગુજરાત અઝજ તથા નેવી સહિતની સુરક્ષા એજન્સીઓ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરાયું હતું. જેમાં કુલ અલગ અલગ ત્રણ પ્રકારનાં ડ્રગ્સ મળી આવ્યાં છે. ડ્રગ્સના જથ્થા સાથે બોટમાં સવાર પાંચ જેટલા ક્રૂ મેમ્બરની ધરપકડ પણ કરવામાં આવી છે. ગતરાત્રિથી પોરબંદર SOG ઓફિસ ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ડ્રગ્સના જથ્થાની ગણતરીની કામગીરી થઈ હતી. આંતરરાષ્ટ્રીય બજાર મુજબ હજારો કરોડ રૂપિયાનું ડ્રગ્સ ઝડપાયું હોવાનું જાણવા મળી રહ્યું છે. આજે આ અંગે સુરક્ષા એજન્સીઓ દ્વારા સત્તાવાર જાણકારી આપવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. કેન્દરીય ગૃહમંત્રી અમિત શાહે ટ્વીટ કરી ગઈઇ,



નેવી અને ગુજરાત પોલીસને અભિનંદન પાઠવ્યાં હતા.

ગીર સોમનાથ પોલીસે વેરાવળના સમુદ્ર કાંઠે ઊતરેલા ૩૫૦ કરોડ રૂપિયાના ડ્રગ્સને ઝડપી લીધું હોવાની ઘટનાને હજુ આંગળીના વેઢે ગણાય એટલા જ દિવસો થયા છે ત્યાં મંગળવારે ચોક્કસ ટિપ મળ્યા બાદ પોરબંદરના અરબી સમુદ્રમાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક બોટને ઝડપી પાડવામાં આવી હતી. ગુજરાત ATS, નેવી અને NCBના સંયુક્ત ઓપરેશનમાં આ બોટની સાથે પાંચ પેડલરને પણ દબોચી લેવામાં આવ્યા છે. તેમને પોરબંદર લાવીને મોડી રાત્રે ગુપ્ત સ્થળે ખસેડવામાં આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. આ ઓપરેશનમાં દરિયાઈ સીમામાંથી અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રગ્સનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. ભારતીય દરિયાઈ સીમા પરથી ૩૧૩૨ કિલો ડ્રગ્સ જપ્ત કરાવામાં આવ્યું હોવાની વિગતો છે. આ ડ્રગ્સની કિંમત ૨૦૦૦ કરોડ રૂપિયાથી વધુ હોવાનો અંદાજ છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ, ગુજરાત એટીએસ તથા એનસીબીએ નેવી સાથે મળીને પોરબંદરની આસપાસના દરિયામાંથી એક શંકાસ્પદ જણાવતી ઈરાની બોટ પકડી પાડી હતી, જેની તલાશી લેવામાં આવતા તેમાંથી ૩૦૦૦ કિલો કરતાં વધુ માત્રામાં ડ્રગ્સ મળી આવતા આ બોટમાં સવાર ૫ પેડલરોને દબોચી લેવામાં આવ્યા હતા. ભારતીય દરિયાઈ સીમામાં ગત મોડી સાંજે દિલ્હી નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો, ગુજરાત અઝજ અને અન્ય સેન્ટ્રલ એજન્સીએ ભેગા મળીને ૩૧૩૨ કિલો ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. એજન્સીના સંયુક્ત ઓપરેશનમાં ઈરાનથી આવતી બોટમાં ત્રણ શકમંદો ચરસ અને અન્ય ડ્રગ લઈને આવતા હતા.

# ગગનયાન મિશનના તમામ ગગનવિરો ફાઈટર વિમાન ઉડાડવાના અનુભવી

## ચારેય પાઈલોટોની અંતરિક્ષ યાત્રા માટે પ્રારંભિક ટ્રેનિંગ રશિયામાં અપાઈ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વડાપ્રધાન મોદીએ મંગળવારે ભારતના ચાર અંતરિક્ષ યાત્રીઓનો દુનિયાને પરિચય કરાવ્યો હતો જે ભારતના પ્રથમ માનવ સ્પેસ મિશનનો ભાગ બનશે.આ ચારેય વાયુસેનાના પાયલોટ છે.જેમને ૩૦૦૦ કલાક સુધી ઉડાનનો અનુભવ છે.

આ અંતરીક્ષ યાત્રીઓમાં કેપ્ટન પ્રશાંત બાલકૃષ્ણ નાયર કેરળનાં છે. ગ્રુપ કેપ્ટન અજીત કૃષ્ણન તમિલનાડૂના છે.જયારે ગ્રુપ કેપ્ટન અંગદ પ્રતાપ અને વિંગ કમાન્ડર શુભાંશુ શુકલા યુપીમાંથી આવે છે.




મિશનનો ભાગ બનવા માટે મોટી સંખ્યામાં પાયલોટોએ એપ્લીકેશન કરી હતી. તેમાંથી ૧૨ પાયલોટોએ બેંગલુરૂમાં સપ્ટેમ્બર ૨૦૧૯ મા પહેલા લેવલની સિલેકશન પ્રોસેસ પુરી કરી હતી. આ પસંદગી વાયુસેના અંતર્ગત આવતા ઈન્સ્ટીટયુટ ઓફ એરોસ્પેસ મેડીસીન (આઈએએમ) તરફથી કરવામાં આવી હતી. ત્યારબાદ અનેક રાઉન્ડમાં આઈએએમ અને ઈસરોએ અંતિમ ચાર પાયલોટોને સિલેકટ કર્યા.જુન ૨૦૧૯ માં ઈસરો અને રશીયાની સ્પેસ એજન્સી વચ્ચે પાયલોટોની ટ્રેનીંગના કરાર થયા ત્યારબાદ આ ચારેય પાયલોટોને ૨૦૨૦ માં પ્રારંભીક ટ્રેનીંગ માટે રશીયા અને અનેક એજન્સીઓ અને સશસ્ત્રદળ તરફથી ટ્રેનીંગ આપવામાં આવી રહી છે.

# ઈડીના સમન્સને સન્માન આપવું જરૂરીઃ સુપ્રીમ

## તામિલનાડુના એક કેસમાં સુપ્રીમનું નિરિક્ષણ, કેજરીવાલ માટે ચિંતા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ દ્વારા શરાબકાંડ મુદે એન્ફોર્સમેન્ટ વિભાગના આઠ-આઠ સમન્સની અવગણના કરવામાં આવી રહી છે તે સમયે સુપ્રીમ કોર્ટે એક અન્ય કેસમાં કરેલુ નિરીક્ષણ કેજરીવાલ માટે મુશ્કેલી બની શકે છે.

સુપ્રીમ કોર્ટે મદ્રાસ હાઈકોર્ટના એક આદેશ વિરુદ્ધ ઈડીની અરજી સમયે ન્યાયમૂર્તિ બેલા એમ.ત્રિવેદી તથા ન્યાયમૂર્તિ પંકજ મિતલની ખંડપીઠે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે જો પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રીંગ એકટની ધારા ૫૦ હેઠળ ઈડી જો કોઈને સમન્સ મોકલે તો તે સમન્સને માન આપીને ઈડી સમક્ષ હાજર થવુ જરૂરી બનશે અને ઈડીની પુછપરછનો



સામનો કરવો પડશે.

તામિલનાડુમાં રેત ખનન ગોટાળામાં ઈડીએ પાંચ જીલ્લા કલેકટરોને સમન્સ મોકલ્યા હતા જેની સામે મદ્રાસ હાઈકોર્ટે સ્ટે આપતા ઈડીએ સુપ્રીમ કોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા.

તે અંગે સર્વોચ્ચ અદાલતની ખંડપીઠે જણાવ્યું કે આ કાનૂન હેઠળ થતી કાર્યવાહી સમયે ઈડી તમે કોઈપણ વ્યક્તિને પુરાવા રજુ કરવા અથવા પુછપરછ માટે હાજર થવા બોલાવી શકે છે અને જેના નામે સમન્સ ઈશ્યુ થયુ હોઈ તેને હાજર થવું જરૂરી છે.

# પતંજલિ દ્વારા અપાયેલી ભ્રામક જાહેરાતો પર સુપ્રીમ લાલઘૂમ

## ભવિષ્યમાં આવી જાહેરાતો અને નિવેદનો પર ભારે દંડ ફટકારવાની ચેતવણી આપી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે પતંજલિ આયુર્વેદ સામે કડક વલણ અપનાવ્યું છે. મંગળવારે કોર્ટમાં સુનાવણી દરમિયાન તેમણે કહ્યું કે આદેશ છતાં પણ જાહેરાતો આપવી એ બિલકુલ યોગ્ય નથી. જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લા ખુદ અખબાર લઈને કોર્ટમાં આવ્યા હતા. સુનાવણી દરમિયાન જસ્ટિસ અમાનુલ્લાએ કહ્યું કે તમારામાં કોર્ટના આદેશ બાદ પણ આ જાહેરાત આપવાની હિંમત કેવી રીતે થઈ? હવે અમે એક ખૂબ જ કડક આદેશ આપવા જઈ રહ્યા છીએ. અમારે આ એટલા માટે કરવું પડી રહ્યું છે કારણ કે, તમે કોર્ટને ઉશ્કેરી રહ્યા છો. કોર્ટે સુનાવણી દરમિયાન પૂછ્યું કે તમે કેવી રીતે કહી શકો કે તમે બીમારી દૂર કરી દેશો? અમારી ચેતવણીઓ



છતાં તમે કહો છો કે અમારી પ્રોડક્ટ્સ કેમિકલ આધારિત દવાઓ કરતાં વધુ સારી છે?

કોર્ટે વધુમાં કહ્યું કે કેન્દ્ર સરકારે પણ આ અંગે કાર્યવાહી કરવી જોઈએ. ૨૯ નવેમ્બર ૨૦૨૩ના રોજ સુપ્રીમ કોર્ટે પતંજલિ આયુર્વેદની જાહેરાતો અને તેના માલિક બાબા રામદેવના નિવેદનો પર વાંધો ઉઠાવતી ઈન્ડિયન મેડિકલ એસોસિએશનની અરજી પર સખ્તી દર્શાવી હતી. બાબા રામદેવના નિવેદનો અને જાહેરાતોમાં એલોપેથી અને તેની દવાઓ અને રસીકરણની જાહેરાતો વિરુદ્ધ ઈન્ડિયન મેડિકલ એસોસિએશનની અરજી પર સુનાવણી કરતા જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લા અને જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રાની ખંડપીઠે પતંજલિ દ્વારા એલોપથી અંગે ભ્રામક દાવાઓ અને જાહેરાતો આપવા બદલ પતંજલિને ફટકાર લગાવી હતી.

ખંડપીઠે પતંજલિ પર ભવિષ્યમાં આવી જાહેરાતો અને નિવેદનો પર ભારે દંડ ફટકારવાની ચેતવણી આપી છે. જસ્ટિસ અમાનુલ્લાએ કહ્યું કે જો ભવિષ્યમાં આવું કરવામાં આવશે તો પ્રત્યેક ઉત્પાદન જાહેરાત પર ૧ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે. કોર્ટે પતંજલિને એલોપેથિક દવાઓ અને રસીકરણો વિરુદ્ધ કોઈપણ ભ્રામક જાહેરાતો અથવા ખોટા દાવા ન કરવા જણાવ્યું છે. કોર્ટે ચેતવણી આપી છે કે ન તો આવી કોઈ જાહેરાત આપવી કે, નહીં તો મીડિયામાં કોઈ નિવેદન આપવામાં આવે.

કોર્ટે કહ્યું કે, અમે આ મામલાને એલોપેથી વિરૂદ્ધ આયુર્વેદની ચર્ચા બનાવવા નથી માંગતા. પરંતુ અરજદારો દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાનો ઉકેલ શોધવા માંગીએ છીએ. આ ઉપરાંત કોર્ટે કહ્યું કે કેન્દ્ર સરકારે ગેરમાર્ગે દોરતી મેડિકલ જાહેરાતોનો સામનો કરવા માટે એક યોજના કોર્ટ સમક્ષ મૂકે.

# નવા FDIના નિયમોથી સ્પેસ સેક્ટરને વધુ પ્રોત્સાહન મળશે

## સ્પેસ સેક્ટરની વૈશ્વિક જાયન્ટ્સ કંપનીઓ આગામી સમયમાં પાંચ બિલિયન ડોલરનું રોકાણ કરશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતે ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ (એફડીઆઈ) નીતિમાં સુધારો કરીને અવકાશ ક્ષેત્રને ઉદાર બનાવવાનો નિર્ણય કર્યો છે. આ ઉદ્યોગના સૂત્રોનું કહેવું છે કે કેબિનેટના નિર્ણયથી ભારતીય અવકાશ ઉદ્યોગના તમામ પેટા ક્ષેત્રો જેમ કે સેટેલાઇટ ઉત્પાદન, પ્રક્ષેપણ વાહનો, ગ્રાઉન્ડ સેગમેન્ટ સોલ્યુશન્સ અને સંબંધિત સેવાઓમાં આગામી ૩ થી ૫ વર્ષમાં ૪ થી ૫ બિલિયન ડોલરનું રોકાણ આવે તેવી શક્યતા છે.

ભારતીય અવકાશ ક્ષેત્રમાં કામ કરતી કંપનીઓના જણાવ્યા અનુસાર, આ પગલાથી સ્પેસ એક્સ, વર્જિન ગેલેક્ટીક, સ્ટારલિંક, એમેઝોન બ્લુ ઓરિજિન, એરબસ ડિફેન્સ એન્ડ સ્પેસ, રોકેટલેબ, મેક્સર ટેક્નોલોજીસ અને યુટેલસેટ-વન વેબ સહિત અન્ય



વૈશ્વિક જાયન્ટ્સને સેટેલાઇટમાં પ્રવેશવાની અને લોન્ચ કરવાની મંજૂરી મળશે. તેમજ ભારતીય બજાર માટે દરવાજા પણ ખુલી શકે છે.

કેન્દ્રીય કેબિનેટે ઉપગ્રહો માટે સિસ્ટમ્સ અથવા સબ-સિસ્ટમ અને ઘટકોના ઉત્પાદનમાં ૧૦૦ ટકા એફડીઆઈની નીતિને મંજૂરી આપી હતી. બીજી તરફ, સેટેલાઇટ મેન્યુફેક્ચરિંગ અને ઓપરેશન, સેટેલાઇટ ડેટા પ્રોડક્ટ્સ, ગ્રાઉન્ડ સેગમેન્ટ અને યુઝર સેગમેન્ટમાં ૭૪ ટકા એફડીઆઈને મંજૂરી આપવામાં આવી છે. આ પ્રવૃત્તિઓમાં ૭૪ ટકાથી વધુ રોકાણ સરકાર દ્વારા થાય છે.

આ સાથે, પ્રક્ષેપણ વાહનો અને સંલગ્ન પ્રણાલીઓના વિકાસ અને અવકાશયાનના પ્રક્ષેપણ અને પ્રાપ્તિ માટે સ્પેસપોર્ટના નિર્માણમાં ઓટોમેટિક રૂટ હેઠળ એફડીઆઈની મર્યાદા ૪૯ ટકા નક્કી કરવામાં આવી છે.

ઈન્ડિયન સ્પેસ એસોસિએશને કહ્યું હતું કે, જો આપણે નાણાકીય અંદાજની વાત કરીએ તો રોકાણની ચોક્કસ રકમનું અનુમાન લગાવવું મુશ્કેલ છે. પરંતુ નવી એફડીઆઈ પોલિસી આગામી ૩ થી ૫ વર્ષમાં નોંધપાત્ર રોકાણ લાવવાની અપેક્ષા છે.

એવો અંદાજ છે કે ભારતના અવકાશ ઉદ્યોગના તમામ પેટા-ક્ષેત્રો જેમ કે સેટેલાઇટ ઉત્પાદન, પ્રક્ષેપણ વાહનો, ગ્રાઉન્ડ સેગમેન્ટ સોલ્યુશન્સ અને સંબંધિત સેવાઓ આગામી ૩ થી ૫ વર્ષમાં ૪ થી ૫ બિલિયન ડોલરનું રોકાણ આકર્ષી શકે છે.

# 'જમાત-એ-ઈસ્લામી' પર વધુ ૫ વર્ષનો પ્રતિબંધ લગાવાયો, ગૃહ મંત્રાલયનો નિર્ણય

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગૃહ મંત્રાલયે આગામી પાંચ વર્ષો માટે જમ્મુ કાશ્મીરના સંગઠન જમાત-એ-ઈસ્લામી પર પ્રતિબંધ વધારી દીધો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ પોતાના 'ડ' એકાઉન્ટ પર માહિતી આપતા તેની પુષ્ટિ કરી છે. શાહે કહ્યું કે, દેશની સુરક્ષાનો ખતરો પહોંચાડનારાઓને છોડીશું નહીં.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે લખ્યું કે, આતંકવાદ અને અલગાવવાદ વિરૂદ્ધ જીરો ટોલરેન્સની નીતિ હેઠળ સરકારે જમાત-એ-ઈસ્લામ પર પ્રતિબંધ પાંચ વર્ષ સુધી વધારી દેવાયો છે.

સાથે કહ્યું છે કે સંગઠન રાષ્ટ્રની સુરક્ષા, અખંડતા અને સંપ્રભુતા વિરૂદ્ધ પોતાની ગતિવિધિઓ શરૂ રાખતુ જોવા મળ્યું છે. સંગઠને પહેલી વખત ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૯એ 'ગેરકાયદે




સંગઠન' જાહેર કરી દેવાયું હતું.જમાત-એ-ઇસ્લામી જમ્મુ કાશ્મીર પર ગત વખત ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ પ્રતિબંધ લગાવાયો હતો. આ સંગઠન જમ્મુ કાશ્મીરમાં અલગાવવાદને પ્રોત્સાહન આપવા માટે આતંકવાદ અને ભારત વિરોધી પ્રચારને પ્રોત્સાહન આપવામાં સતત સામેલ છે, જે ભારતની સંપ્રભુતા, સુરક્ષા અને અખંડતા માટે હાનિકારક છે.

જમાત-એ-ઇસ્લામી જમ્મુ કાશ્મીર અને તેના સભ્યો વિરૂદ્ધ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, ૧૯૬૭ સહિત કાયદાની વિવિધ કલમો હેઠળ ઘણા ફોજદારી કેસ નોંધવામાં આવ્યા છે.અત્રે ઉલ્લેખનીય છે કે, ગત વર્ષ જમ્મુ-કાશ્મીરમાં સ્ટેટ ઇન્ટેલિજન્સ એજન્સી (એસઆઈએ) દ્વારા ટેરર ફંડીગ ઉપર સર્જિકલ સ્ટ્રાઇક કરાઈ હતી. જે અંતર્ગત ૧૨૫ મિલકતો જપ્ત કરાઈ હતી, તે પૈકી એકલાં જમાત-એ-ઇસ્લામની જ ૭૭ પ્રોપર્ટી સમાવિષ્ટ હતી. આ પ્રોપર્ટીઓનો ઉપયોગ આતંકીઓને નાણાકીય સહાય પહોંચાડવામાં થતો હતો. આ જપ્ત થયેલી મિલકતો (નિવાસ સ્થાનો કે દુકાનો) વેચી નહીં શકાય કે ખરીદી પણ નહીં શકાય, કે તેને ભાડે નહીં આપી શકાય કે લીઝ ઉપર પણ આપી નહીં શકાય.

સ્પષ્ટ છે કે તેનો હેતુ તે દ્વારા થતાં ટેરર ફંડીંગની કમર તોડવાનો છે તેમ કહેતાં સાધનો વધુમાં જણાવે છે કે કાશ્મીર ઘાટીમાં સૌથી વધુ મિલકતો જમાત-એ-ઇસ્લામી જૂથની છે. તેની મિલ્કતો નાનાં શહેરો અને ગામોમાં પણ રહેલી છે.

# સરગમ ક્લબ અને સોના જવેલર્સ દુબઈના સયુંકત ઉપક્રમે દિવ્યાંગો માટે ત્રિદિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાસ્કૃતિક, સામાજિક અને તબીબી ક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ ક્લબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ ક્લબ અને સોના જવેલર્સ દુબઈ અને કમાણી ફાઉન્ડેશનનાં સયુંકત ઉપક્રમે તા.૧/૦૩/૨૦૨૪ શુક્રવાર થી ૩/૦૩/૨૦૨૪ ના રોજ આ જયપુર કેમ્પ યોજાશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર આધાર અને ડોકટરનું વિકલાંગ કાર્ડ અને સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. સાથોસાથ કેલીપર્સ અને થોડી વગેરે વિનામૂલ્યે આપવામાં આવશે.આ કેમ્પ તા.૧/૦૩/૨૦૨૪ થી ૩/૦૩/૨૦૨૪ સુધી માર્ચ માસ નાં રોજ યોજાશે. જેની ખાસ નોંધ લેવી. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોને તા ૦૧/૦૩/૨૪ શુક્રવારના રોજ સવારે ૮૦૦ કલાકે ખાસ સરગમ ભવન,જામટાવર રોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ. ફોન નં.૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે. આ ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે. અને તેઓને રીપેરીંગ કરાવવાનું હોઈ તેઓએ પણ તા.૧/૦૩/૨૦૨૪ ના રોજ સવારે ૮.૦૦ ખાસ ઉપસ્થિત રહેવું.

આ કેમ્પમાં મુખ્ય સહયોગ દુબઈ નિવાસી સોના જવેલર્સ ના મનુભાઈ માંડલિયા તેમજ તેના પરિવારજનો નિતેશભાઈ માંડલિયા, લલીતાબેન, બંસરીબેન, દેવ અને દિયા માંડલિયા પરિવારે આપ્યો છે.

આ કેમ્પની સફળતા સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને મનુભાઈ માંડલિયા તથા નિતેશભાઈ માંડલિયા તથા કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણી જહેમત ઉઠાવે રહ્યા છે.

# મોરબીના ટંકારાના ધુનડા ગામની સીમમાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા સાતને દબોચી લેવાયા

**મુખ્ય સમાચાર, ટંકારા**



મળતી માહિતી અનુસાર ટંકારા પોલીસે ધુનડા(સ) ગામની વગડીયુ નામની સીમમાં જાહેરમાં બાવળ નીચે કુંડાળુ કરી તીનપત્તીનો જુગાર રમતા હીતેષભાઇ અંબારામભાઇ રંગપરીયા ઉવ.૩૦ રહે.ધુનડા(સ)તા.ટંકારા જી.મોરબી, કીશોરભાઇ ભાણજીભાઇ ભાટીયા ઉવ.૬૮ રહે.મહેન્દ્રનગર કાંન્તીજ્યોત તા.જી.મોરબી મુળ રહે. ઝીકીયારી તા.જી.મોરબી, કાંન્તીલાલ મોહનભાઇ દેસાઇ ઉવ.૬૨ રહે.રાજકોટ સાધુવાસી રોડ શીલ્પા આઇકોન ૨૦૨ તા.જી.રાજકોટ, વલમજીભાઇ મોહનભાઇ માકાસણા ઉવ.૬૮ રહે.ચરાડવા તા.હળવદ જી.મોરબી, નાગજીભાઇ હરીભાઇ ફુલતરીયા ઉવ.૬૪ રહે.રવાપર રોડ આલાપ-રોડ મધુરમ સોસાયટી તા.જી.મોરબી, જયંતિભાઇ છગનભાઇ પડસુંબીયા ઉવ.૬૫ રહે.નાનીવાવડી જુનાગામમાં તા.જી.મોરબી, પ્રભુભાઇ તરશીભાઇ બાવરવા ઉવ.૬૫ રહે.રવાપર રોડ કેનાલ આલાપની સામે તા.જી.મોરબીને રોકડા રૂ ૨૨,૫૦૦/- સાથે રંગેહાથ ઝડપી લેવાયા હતા. પકડાયેલા તમામ આરોપીઓ વિરુદ્ધ ટંકારા પોલીસ મથકમાં જુ.ધારા હેઠળ ગુન્હો રજી. કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર ડેન્ટલ કોલેજમાં ૩૩૦ વિદ્યાર્થીઓ માટે નવીન યુ.જી. હોસ્ટેલના નિર્માણ માટે રૂ. ૩૭.૩૮ કરોડ મંજૂર

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગર ડેન્ટલ કોલેજ ખાતે વધુમાં વધુ વિદ્યાર્થીઓને કેમ્પસમાં જ ઉત્તમ રહેણાંક સુવિધાઓ પૂરી પાડવા માટે નવીન હોસ્ટેલનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, તેમ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે વિધાનસભા ગૃહમાં સભ્ય શ્રી રિવાબા જાડેજા દ્વારા પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં જણાવ્યું હતું. તેમણે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, જામનગર ડેન્ટલ કોલેજ ખાતે નવીન યુ.જી. હોસ્ટેલના નિર્માણ માટે રૂ. ૩૭.૩૮ કરોડની મંજૂરી આપવામાં આવી છે. આ કોલેજ ખાતે હયાત હોસ્ટેલમાં ૪૦૦ વિદ્યાર્થીઓને રહેવાની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. નવી યુ.જી. હોસ્ટેલનું નિર્માણ કામ પૂર્ણ થતાં વધુ ૩૩૦ વિદ્યાર્થીઓને રહેવાની સુવિધા પૂરી પાડવામાં આવશે.

# ઘરેથી નીકળી ગયેલ કિશોરીને ૧૮૧ અભયમની ટીમે પરિજનો સુધી પહોંચાડી

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગર શહેર ખાતે કાર્યરત ૧૮૧ અભયમ હેલ્પલાઈન મહીલા ઓ માટે ખરાઁ અર્થઁમા આશીર્વાદરુપ સાબિત થઇ રહી છે જેમાં, ૧૦૮ સેવા દ્વારા ૧૮૧ મહિલા હેલ્પલાઇનમાં ફોન કરી જણાવેલ કે આશરે ૧૬ વર્ષની કિશોરી બેભાન અવસ્થામાં બેડી બંદર રોડ પર પડેલ હોય અને ત્યાંથી હોસ્પિટલ લાવેલ હોય પરંતુ કિશોરી ભાનમાં આવવા છતાં કશું બોલતી નથી ગભરાયેલ હોય તેથી કોઈ નામ સરનામું જણાવતા ન હોય તેથી કાઉન્સેલિંગ માટે મદદની જરૂર છે

તુરંત જામનગર અભયમ ની ટીમના કાઉન્સેલર શીતલબેન સોલંકી પોલીસ એ એશ આઇ તારાબેન ચૌહાણ પાયલોટ મહાવીર સિંહ વાઢેર સ્થળ પર પહોચી કિશોરીને આશ્વાશન આપવામા આવેલ અને તેમનનો વિશ્વાસ જીતી કુશળ કાઉન્સેલિંગ કરી કિશોરીનું નામ સરનામું જાણવાની કોશિશ કરેલ પીડિતા દ્વારા ખાલી નામ જણાવેલ ને તેઓ પાંચ વાગ્યા ના ઘરેથી નીકળી ગયેલ હોય એટલું જ જણાવેલ કિશોરીને માથામાં વાગેલ હોય તેમ જ અમુક રિપોર્ટ બાકી હોય તેથી યોગ્ય સારવાર અપાવેલ તેમજ રિપોર્ટ કરાવડાવેલ ને યોગ્ય પરામર્શ કરતા જણાવેલ તેમને બે વર્ષથી ભૂત પ્રેત વળગાળ હોવાથી તેઓ અમુક ટાઈમ શું કરે છે ક્યાં જાય છે તેની યાદ હોતું નથી અચાનક ઘરેથી નીકળી ગયેલ હોય તેથી કશું યાદ નથી એટલામાં હોસ્પિટલ માં કોઈ મહિલા મળેલા જે પીડીતા ને ઓળખતા હોય તેમના દ્વારા કિશોરીના પિતા નો નંબર નામ મેળવેલ ફોન દ્વારા પીડતા વિશે પિતાને જાણ કરેલ તેથી કિશોરીના પિતાએ જણાવ્યા સ્થળ પર પહોંચી પિતા સાથે વાત કરતા જાણવા મળેલ કે.પાંચ વાગ્યાની કિશોરી ઘરેથી નીકળી ગયેલ હોય ત્યારના બધી જગ્યા પર શોધખોળ કરેલ છે પીડિતાને ભૂત પ્રેત વળગાળ હોવાથી અમુક ટાઈમે તે શરીરમાં આવી જતા તેઓ બેભાન થઈ જાય છે તેમજ તેમને કશું યાદ હોતું નથી તેથી તેઓ ભુવા માતાજી પાસે લઈ જાય છે પરંતુ હજુ સુધી સારું થયેલ નથી પૂરી વાત સાંભળી યોગ્ય કાઉન્સેલિંગ કરેલ ને ભૂત પ્રેત વળગાળ વિશે અંધશ્રદ્ધામાંથી બહાર આવી યોગ્ય હોસ્પિટલ માં સારવાર લેવા તેમ જ રિપોર્ટ કરાવવા સમજાવેલ ને હવે પછી આમ કિશોરીને એકલા જવાના દેવા જણાવેલ પીડિતાને પણ પોતાનું ધ્યાન રાખવા ને એકલા બહાર ન જવા જણાવેલ તેથી પિતાએ જણાવેલ તેવો હવે પછી સારા હોસ્પિટલમાં સારવાર કરાવડાવશે તેમજ પીડિતાનું વધુ સાર સંભાળ રાખશે.આમ ૧૮૧ અભયમ ટીમ દ્વારા ૧૬ વર્ષની કિશોરીનું પરિવાર સાથે મિલન કરાવેલ અને પરિવાર દ્વારા ૧૮૧ અભયમ ટીમનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરવામાં આવેલ.

# મોરબી અને થાનમાં વરિયા પ્રજાપતિ સમાજનાં ૩૭માં સમૂહ લગ્ન યોજાયા

## સંતો મહંતો, અધિકારી, પદાધિકારી અને સમાજ શ્રેષ્ઠિઓની હાજરીમાં મોરબીમાં ૧૮ અને થાનમાં ૧૪ નવદંપતીએ પ્રભુતામાં પગલાં પાડ્યા

**મુખ્ય સમાચાર, જયેશ બોખાણી**





**મોરબીઃ** મોરબી અને થાનમાં વરિયા પ્રજાપતિ સમાજનો ૩૭મોં સમૂહ લગ્ન યોજાયો હતો. જેમાં સંતો મહંતો, અધિકરીઓ-પદાધિકારીઓ અને સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિમાં મોરબીમાં ૧૮ અને થાનમાં ૧૪ નવદંપતીઓ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. દિકરીઓને સોના-ચાંદી સહીત ૧૨૦ થી વસ્તુઓ તેમજ જીવન ઉપયોગી અને શ્રેષ્ઠ સમાજના નિર્માણ માટેના પુસ્તકો પણ કરિયાવરમાં અપાયા હતા.

મોરબી અને થાનમાં વરિયા પ્રજાપતિ સમાજનો ૩૭મો સમૂહ લગ્ન યોજાયા હતા. જેમાં મોરબીમાં નેશનલ હાઇવે પર રિવેરા સીરામીક ખાતે સમૂહ લગ્ન યોજાયા હતા જેમાં ૧૮ નવદંપતી પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. આ સમૂહ લગ્નના અધ્યક્ષ તરીકે ડો.માધુરીબેન ચેતનભાઈ વારેવાડીયા, ઉપાધ્યક્ષ તરીકે અનિલભાઈ અંદોદરીયા, હડમતીયા મહંત મેહુલદાસબાપુ ડીડીઓ જે.એસ.પ્રજાપતિ, ડે.કલેકટર સુશીલ પરમાર, જેલ અધિક્ષક ડી.એમ. ગોહિલ. આરટીઓ અધિકારી રોહિત પ્રજાપતિ સહિતના અધિકારી અને પદાધિકારીઓ ઉપસ્થિત રહી નવદંપતિને આશીર્વાદ પાઠવ્યા હતા. ઉપસ્થિત મહાનુભવોએ ૩૭ વર્ષથી થતા સમૂહ લગ્નના કાર્યને બિરદાવી સમાજમાં શિક્ષણ પર વધુ ભાર આપવા અપીલ કરી હતી આ સમૂહ લગ્નમાં વરિયા પ્રજાપતિ વિદ્યોત્તેજક મંડળ દ્વારા ભવ્ય પુસ્તક પ્રદર્શન રાખવામાં આવ્યું હતું જેનો મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. સમૂહ લગ્નને સફળ બનાવવામાં પ્રમુખ ગોકળભાઈ ભોરણીયા, પ્રવીણભાઈ વારનેસીયા સહીત ૧૦૦થી વધુ કાર્યકર્તાઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

જયારે થાનમાં વરિયા પ્રજાપતિ સમાજ વાડી ખાતે સુરેન્દ્રનગર જિલ્લાનો સમૂહ લગ્ન યોજાયો હતો. જેમાં ૧૪ નવદંપતી પ્રભુતામાં પગલાં પાડ્યા હતા .આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી ડો.મહેન્દ્રભાઈ મુંજપરા, ધારાસભ્ય શામજીભાઈ ચૌહાણ, સમારંભના પ્રમુખ નિવૃત ફોરેસ્ટ ઓફિસર હરજીવનભાઈ વરિયા, મહંત મેહુલદાસ બાપુ સહિતના ઉપસ્થિત રહી નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા હતા. સમૂહ લગ્નને સફળ બનાવવામાં સમાજના પ્રમુખ અમરશીભાઇ અંદોદરીયા સહિતના ૧૦૦થી વધુ કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# રાજુલા મહિલા કોલેજ ખાતે ફકત બહેનો માટે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામા આવ્યું


**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**





**રાજુલાઃ** રાજુલા શહેરમા આવેલ શ્રીમતી એચ.બી. સંઘવી મહીલા આર્ટ્સ અને કોમર્સ કોલેજ તથા સેડી સંસ્થાના સંયુક્ત ઉપક્રમે ખાસ મહિલાઓ માટે રોજગાર ભરતી મેળો-૨૦૨૪ નુ આયોજન કરવામાં આવ્યું હતુ. દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ખુલ્લો મુકવામા આવ્યો હતો. આ કાર્યક્રમમાં પધારેલા મહેમાનોનું પુસ્તક આપી સન્માન કરાયું હતું. આ ભરતી મેળામાં મહિલાઓને પોતાની આર્થિક સધરતા માટે તથા સારી નોકરી મળી રહે તેવા હેતુથી સુંદર ભરતી મેળો યોજાયો હતો. મહીલા કોલેજ ખાતે સતત ત્રણ વર્ષથી ભરતી મેળાનું આયોજન કરવામા આવે છે. જેમા ઓરેન્જ હુન્ડાઇ શોરૂમ, સંઘવી મહિલા કોલેજ,કંઈઈ વીમા વિભાગ,મહેતા સુપર માર્કેટ, સદવીચાર હોસ્પિટલ, કાશીબા હોસ્પિટલ, સેડી સંસ્થા તેમજ વિવિધ વિભાગના કર્મચારીઓ દ્વારા ઇન્ટરવ્યુ લેવામા આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં કોલેજના ટ્રસ્ટીઓ તેમજ વિવિધ કંપનીઓના કર્મચારીઓ હાજર રહ્યાં હતા.

# લોક-વિજ્ઞાન કેન્દ્રોના કો-ઓર્ડિનેટર માટે બે દિવસીય રાજયકક્ષાની નેચર સ્ટડી ટુર સંપન્ન





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર. રાજય સરકારના માર્ગદર્શન તળે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ગુજકોસ્ટ) ગાંધીનગર, એમ.ડી.મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ- ધ્રોલ, એમ.ડી.મહેતા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર- ધ્રોલ, કાંતાગૌરી ગૌરીશંકર રાવલ ટ્રસ્ટ- મુંબઈ અને એમ.ડી.મહેતા મહિલા મંડળ- ધ્રોલના આર્થિક સહયોગથી લોક- વિજ્ઞાન કેન્દ્રોના કો-ઓર્ડિનેટર તેમજ સાયન્સ કોમ્યુનિકેટર્સ માટે પ્રવાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.


આ બે દિવસીય રાજયકક્ષાનો નેચર સ્ટડી ટુર અંતર્ગત દરિયાઈ જીવસૃષ્ટિ વિશે પ્રત્યક્ષ જાણકારી મળે, પક્ષીઓની ઓળખ, પર્યાવરણની જાળવણી, જિલ્લાના પર્યાવરણીય સ્થળની મુલાકાત થાય તે ઉદેશથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પહેલા દિવસે કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરાઈ હતી. ત્યારબાદ તમામ લોક-વિજ્ઞાન કેન્દ્રોના કો-ઓર્ડિનેટર તેમજ સાયન્સ કોમ્યુનિકેટર્સ માટે તજજ્ઞ શ્રી સુરજભાઈ જોશી દ્વારા મરીન નેશનલ પાર્ક જામનગર અને સાપની પ્રજાતિ વિષે માહિતી પર વ્યાખ્યાન અપાયું હતું. વ્યાખ્યાન બાદ નરારા ટાપુની મુલાકાત દરમિયાન દરિયાઈ જીવસૃષ્ટિમાં પરવાળા, સ્ટાર ફિશ, ઑક્ટોપસ, પફર ફિશ, અલગ-અલગ પ્રકારના કરચલા, દરીયાઈ ફૂલ, લીલ, ચેરના વૃક્ષો વગેરે નિદર્શન બાદ નારારા ટાપુના ઓફિસર હુશેનભાઈ દ્વારા નરારા ટાપુની શરૂઆત, મહત્વ અને વિશેષતાઓની માહિતી અપાઈ હતી. બીજા દિવસે જામનગર જિલ્લાના ખીજડીયા પક્ષી અભયારણ્યની મુલાકાત દરમિયાન દેશ-વિદેશથી આવતા પક્ષીઓ જેમ કે બ્લેક નેકકેડ સ્ટ્રોક, કિંગફિસર, કોમનક્રેન, ફ્લેમિંગો, સ્પૂનબિલ વગેરે પક્ષીઓની માહિતી અપાઈ હતી. ખીજડીયા પક્ષી અભયારણ્યમાં ફિલ્ડ વિઝિટ બાદ રેન્જ ફોરેસ્ટ ઓફિસર દક્ષાબેન વાઘસીયા દ્વારા અભયારણ્ય અંગે સમજ, ખીજડીયા પક્ષી અભયારણ્યની શરૂઆત કેમ થઈ, અભયારણ્યનો પરિચય તેમજ પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં કઈ રીતે સામેલ થવું વગેરે તે અંગે માહિતી આપવામાં આવેલ. ત્યારબાદ જામનગર જિલ્લા કક્ષાના લોક-વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લેવામાં આવી હતી. કાર્યક્રમના અંતે એમ.ડી.મહેતા એજયુકેશન ટ્રસ્ટ- ધ્રોલના સેક્રેટરી સુધાબેન ખંઢેરીયા દ્વારા પ્રવાસમાં સામેલ તમામ લોક-વિજ્ઞાન કેન્દ્રોના કો-ઓર્ડિનેટર તેમજ સાયન્સ કોમ્યુનિકેટર્સને પ્રમાણપત્ર અનેસ્મૃતિ ચિહ્નન અર્પણ કરવામાં આવ્યા હતા.આ સમારોહમાં વાઈઝ પ્રેસિડેન્ટ ઓફ લખોટા નેચર ક્લબ જામનગર તથા વાઇલ્ડલાઈફ રેસ્ક્યુસર સુરજભાઈ જોશી, એમ.ડી.મહેતા એજયુકેશન ટ્રસ્ટ- ધ્રોલના સેક્રેટરી સુધાબેન ખંઢેરીયા, ધ્રોલ લોક વિજ્ઞાન કેન્દ્રના પ્રોગ્રામ ઓફિસર સંજયભાઈ પંડ્યા તેમજ બહોળી સંખ્યામાં પ્રકૃતિ પ્રેમીઓ અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

# ધાંગધ્રા ધર્મમયઃ દેશળ ભગતધામમાં ઐતિહાસિક મહોત્સવ યોજાશેઃ સંતો, રામ દરબાર, શિવ પરિવારની મૂર્તિ પ્રતિષ્ઠા થશે

## તા. ૫ થી ૭ માર્ચ લાખો લોકો ઉમટી પડશેઃ પ્રથમ દિવસે દર્શનીય શોભાયાત્રા : મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોને અપાયું નિમંત્રણઃ સંતો-મહંતોના દર્શન અને આશીર્વાદનો લાભઃ તમામ ભાવિકો માટે રસોડુ ધમધમશેઃ આયોજન માટે વિવિધ સમિતિઓની રચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**





(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ સંતોની ભૂમિ સૌરાષ્ટ્રમાં યુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રા ખાતે સુરેન્દ્રનગર શેડ પર જી. આઇ. ડી. સી સામે સંત શ્રી દેશળ ભગતધામમાં જીર્ણોધ્ધાર કરી બનાવાયેલ કલાત્મક મંદિરમાં તા. ૫ માર્ચ ૨૦૨૪ મંગળવારથી ૭ માર્ચ ગુરુવાર સુધી ભવ્ય મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાનાર છે. રાજકોટની એક વખતની મવડી નગરપાલિકાના પૂર્વ પ્રમુખી ભલાભાઈ ચૌહાણ (મી. ૯૮૨૫૨ ૬૧૬૬૧)ની રાહબરીમાં શ્રી દેશળ ભગત મંદિર નવનિર્માણ સમિતિ આયોજિત ખા કાર્યક્રમમાં સ્થાનિક અને સૌરાષ્ટ્ર- ગુજરાત તથા અન્ય રાજ્યોમાં વસતા ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડનાર છે. ત્રણ દિવસ દરમ્યાન ત્રણ લાખથી વધુ લોકો ઉમટી પડે તેવી ધારણા છે. મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોને નિમંત્રણ અપાયેલ છે.

સંત શ્રી દેશળ ભગતધામમાં યોજાનાર ઐતિહાસિક મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ માટે ધાંગધ્રામાં તેમજ અન્યત્ર વસતા સેંકડો ભક્તો સ્વયંસેવક તરીકે કાર્યરત છે. શાસ્ત્રોકત વિધી આચાર્ય શાસ્ત્રી શ્રી મનીષ ભાઈ રાવલ (મોન્ટુ મહારાજ) જુનાગઢ અને તેમના સાથી ભૂદેવો કરાવશે. સ્થળ પર રાત દિવસ તૈયારી ચાલી રહી છે.

આયોજક અગ્રણી શ્રી ભલાભાઈ ચૌહાણે પત્રકારોને જણાવેલ કે સૃષ્ટિના રચયિતા શ્રી બ્રહ્મા-શ્રી વિષ્ણુ-શ્રી મહેશ અને દ્વારકાધીશની અસીમ કૃપાથી સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રા મુકામે સંત શ્રી દેશળ ભગત ની સમાધિ સ્થળનું મંદિર આવેલ છે. તેને ૯૫ વર્ષ થયેલ છે. તે સ્થળ ઉપર સંત શ્રી દેશળ ભગત, સંત શ્રી લાલજીમહારાજ તથા ઇષ્ટદેવ શ્રીગણેરાજી, શ્રીહનુમાનજી, શ્રીશિવદરબાર,શ્રી રામદરબાર, શ્રી રાધાકૃષ્ણનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવી રહેલ છે. ધાંગધ્રાની ધરતી ઉપર ભજન અને ભોજન ભેખ ધરના સંત શ્રી દેશળ ભગત અને શ્રી લાલજી મહારાજની જયાં સમાધિ છે. તે સમાધિ સ્થળે નવનિર્મિત મંદિર ની પ્રાણ પ્રતિષ્ઠાનો અનેરો ઉત્સવ આવ્યો છે. ગુરુ કરતાં શિષ્ય સવાયો હોય છે. શ્રી લાલજી મહારાજએ શ્રી દેશળબાપુના દીકરા અને તેમના શિષ્ય છે. જેણે આ જગ્યાને આજીવન વ્રત-ધર્મપાળી જગ્યા દીપાવી છે. ભલાભાઈ ચૌહાણે જણાવ્યું હતું કે અતિ ભવ્ય મંદિર પરિસરમાં શિલ્પકળાથી સુશોભિત જે પશ્ચિમ/દક્ષિણ ભારતીય સ્થાપત્યના સંગેમરમરમાં પંચ શિખરીય મંદિરમાં સંકલ્પિત મૂર્તિઓની પ્રતિષ્ઠાના આ ઉત્સવનો લાભ લેવા સર્વ ભક્તોને જાહેર નિમંત્રણ પાઠવાયું છે મંદિરમાં શમ દરબાર,શ્રી શિવ પરિવાર અને શ્રી રાધાકૃષ્ણની મૂર્તિની પણ પ્રાણપ્રતિષ્ઠા થનાર છે.

પ્રારંભે દર્શનીય શોભાયાત્રાઃ સ્વામિનારાયણ મંદિર સહયોગી આયોજક અગ્રણી કેતનભાઈ એલ. રાઠોડે જણાવેલ કે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના પ્રારંભે પ્રથમ દિવસે તા.૫ માર્ચ મંગળવારે સવારે ૯ વાગ્યે શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ ગુરુકુલથી વાજતેગાજતે દર્શનીય શોભાયાત્રા નીકળી મંદિરે પહોંચશે. શ્રી રામકૃષ્ણદાસ-સ્વામીના માર્ગદર્શન હેઠળ શોભાયાત્રાની તૈયારી થઈ રહી છે. આકર્ષક ક્લોટસ સાથે ભાવિકો મોટી સંખ્યામાં જોડાશે. જે મૂર્તિઓ મંદિરમાં પધરાવાની છે તે પણ યાત્રામાં રાખવામાં આવશે. પહેલા મૂર્તિઓ યજ્ઞશાળામાં રાખવામાં આવશે. શાસ્ત્રોકત વિધિ બાદ મંદિરમાં પધરાવવામાં આવશે

**યજ્ઞની જવાળા પ્રગટશેઃશિખર પર કળશવિધિ**

પ્રથમ દિવસે સવારે ૧૧ વાગ્યે યજ્ઞશાળાનું ઉદઘાટન થશે દેહશુદ્ધી તેમજ ગણપતિ સહિતના દેવની પૂજા બાદ યજ્ઞની જવાળા પ્રગટશે. તે દિવસે બપોરે ૩ વાગ્યે જલયાત્રા નીકળશે. સાંજે ૬.૩૦ વાગ્યે આરતી થશે. બીજા દિવસે બુધવારે સવારે ૯ વાગ્યે વાસ્તુયજ્ઞ અને ૧૨ વાગ્યે શિલારોપણ થશે. તા.૭ ગુરુવારે સવારે ૯ વાગ્યે શિખર પર કળશ ચડાવવાની વિધિનો પ્રારંભ થશે. બપોરે ૧૨ વાગ્યે શ્રદ્ધાપૂર્વક મૂર્તિઓની પ્રતિષ્ઠા થશે. ૧ વાગ્યે મહાઆરતી બાદ મહોત્સવની પૂર્ણાહુતી થશે.

**સંતોના દિવ્ય દર્શન અને આશીર્વાદનો લાભ**

મહોત્સવમાં વઢવાણ મંદિર દૂધરેજના કનિરામદાસ બાપુ, પીપળીધામના વાસુદેવ મહારાજ, આપગીગાનો ઓટલો. ચોટીલાના મહંત નરેન્દ્રબાપુ. જૂનાગઢ ઉપલા દાતાર ટેકરીના ભીમબાપુ. બટુકબાપુ, ધાંગધ્રા દિગંબર સાધુ જગ્યાના રાજેન્દ્રગીરી બાપુ,રામમોલ જગ્યાના મહાવીરદાસજી મહારાજ,નારીચાણીયા હનુમાન મંદિરના મહંત રોહિતદાસ તુલસીદાસ, હળવદ નકલંકધામના દલસુખબાપુ. ધાંગધ્રા સ્વામિનારાયણ સંસ્કારધામના શ્રી રામકૃષ્ણદાસજી સ્વામી સહિત અનેક સંતો હાજર રહી દર્શન અને આશીર્વાદનો લાભ આપશે. સર્વેને જાહેર નિમંત્રણ છે.

**મહાપ્રસાદ, ઉતારા, પાર્કિંગ વગેરેની વ્યવસ્થા**

જામનગરના મનસુખભાઇ ચૌહાણ અને રાજકોટના મહેશભાઈ ચૌહાણે પત્રકારો ને જણાવેલ કે ધાંગધ્રાના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં આવનારા લાખો ભાવિકો માટે ભોજન,આવાસ,પાર્કિંગ તેમજ પ્રાથમિક સુવિધાનું આયોજન કરવામાં આવેલ છે. વ્યવસ્થામાં જી.આઇ.ડી.સી ના ઉધોગકારો,શ્રમિકો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને સેવાભાવી નાગરિકો સહયોગી બન્યા છે. આખો દિવસ ચા વિતરણ ચાલુ રહેશે. સવારે નાસ્તો તેમજ બપોરે અને રાત્રે ભોજન મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે. દરરોજ અલગ અલગ મીઠાઇ સાથે ગાંઠિયા,દાળ ભાત,શાક,કઢી,ખીચડી વગેરેનો મહાપ્રસાદ પીરસવામાં આવશે. આસપાસની મોટી જગ્યાઓમાં નાના મોટા વાહનો માટે પાર્કિંગ વ્યવસ્થા રાખવામાં આવી છે. મૂર્તિ પ્રતિષ્ઠાવિધિ અને સાંસ્કૃતિક કાર્યક્રમ માટે અલગ અલગ બે જગ્યાએ મંચ બનાવવામાં આવેલ છે. સ્વામિનારાયણ મંદિર તેમજ જુદા જુદા સમાજની વાડી અને ખાનગી ગેસ્ટ હાઉસમાં ઉતારાની વ્યવસ્થા રાખવામાં આવી છે મહોત્સવ સ્થળે તબીબી ટીમ, એમ્બ્યુલન્સ, જનરેટર વગેરેની વ્યવસ્થા પણ ઉપલબ્ધ રહેશે. સમગ્ર વિસ્તાર રોશનીથી ઝળહળી ઉઠશે.

**બે દિવસ નામાંકિત કલાકારોનો લોકડાયરો**

ધાંગધ્રામાં મૂર્તિ મહોત્સવ નિમિતે તા. ૫ અને ૬ ના રોજ રાત્રે ૯ વાગ્યે નામાંકિત કલાકારો ની ભજન સંધ્યા (ડાયરો) રાખેલ છે. તા. ૫ મંગળવારે દેવરાજ ગઢવી,હરેશદાન સુર,વાઘજી રબારી ધનશ્યામ મકવાણા, મીનાબા જાડેજા વગેરે કલાકારો તથા બીજા દિવસે તા. ૬ બુધવારે રાત્રે માયાભાઇ આહીર, ગીતાબેન રબારી, વાઘજી રબારી વગેરે કલાકારો ભાગ લેશે

મહોત્સવની પ્રાણ પ્રતિષ્ઠા વિધિમાં યજમાનો સર્વે શ્રી ભલાભાઈ ચૌહાણ,જુનાગઢવાળા સંત લાલદાસબાપુ,કેતનભાઈ રાઠોડ, જામનગરના બાબુભાઇ ઝાલા, ધાંગધ્રાના ચંપાબેન જાદવ, ગોવિંદભાઇ સોઢા વગેરે પરિવારો જોડાશે. વિવિધ ક્ષેત્રના મહાનુભાવોને નિમંત્રિત કરવામાં આવેલ છે જેમાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ખોડલધામના પ્રમુખ નરેશભાઇ પટેલ, રાજ્યના પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા.વન પર્યાવણ મંત્રી મુળુભાઈ બેરા, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયા, ગૃહ રાજ્ય મંત્રી હર્ષભાઈ સંઘવી,પૂર્વ કેબીનેટ મંત્રી શ્રી આઇ. કે જાડેજા, ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરા, સ્થાનિક ચૂંટાયેલા પ્રતિનિધિઓ ઉપરાંત વિવિધ ક્ષેત્ર ના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે . મહોત્સવના રાજકોટ સ્થિત સંકલન સહયોગી જનકલ્યાણ સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ અશોકભાઈ દિનેશભાઇ ડાંગરે પત્રકાર પરિષદમાં સ્વાગત પ્રવચન કર્યું હતું.પત્રકાર પરિષદમાં ભલાભાઈ ચૌહાણ, મહેશભાઇ ચૌહાણ, પ્રવીણભાઈ રાઠોડ ભરતભાઈ રાઠોડ, કેતનભાઈ લાલભાઈ રાઠોડ, મનસુખભાઇ ચૌહાણ, વજુભાઈ એરડા, પરેશભાઈ પરમાર.ભાર્ગવભાઈ પઢિયાર, અનિલભાઈ બારડ વિગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

# ૭ માર્ચના રાજકોટ મનપાનું જનરલ બોર્ડઃવિરોધ પક્ષના નેતા ભાનુબેન સોરાણીનો પ્રશ્ન પ્રથમ ક્રમે

## પાણીકાપ નાખવો ન પડે તે માટે તંત્ર દ્વારા શું પગલા લેવાયા છે, હાલમાં શહેરમાં રોગચાળો વધ્યો છે તેને કાબુમાં લેવા તંત્ર પગલા ભરે છે કે કેમ?

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી તા.૭ માર્ચના રાજકોટ મહાનગરપાલિકાની સામાન્યસભા મળનાર છે. જેમાં રાજકોટ શહેરના વિકાસ કામોની ચર્ચા નગરસેવકો દવારા કરવામાં આવશે. આ જનરલ બોર્ડમાં વિરોધ પક્ષના નેતા ભાનુબેન સોરાણીનો પ્રશ્ન પ્રથમ ક્રમે રહેશે ભાનુબેન દવારા પાણી વિતરણ તેમજ મચ્છરજન્ય રોગ વિશે પ્રશ્ન પૂછાયો છે.

નોંધનીય છે કે, હાલ રાજકોટ મનપામાં કોંગ્રેસના નગરસેવકોનું સંખ્યાબળ ફકત બે છે. જયારે વશરામ સાગઠીયા સહિતના અન્ય કોંગ્રેસના બે સદસ્યોનું નગરસેવક પદ રદ કરાયું હોય તેઓ દવારા હાઈકોર્ટમાં આ અંગેની રીટ દાખલ કરાઈ હતી. જેમાં હાઈકોર્ટે વશરામભાઈ તેમજ કોમલબેન ભારાઈની તરફેણમાં ચૂકાદો આપતા હવે મનપામાં કોંગ્રેસની સંખ્યા ૪ને પહોંચશે. ભાનુબેન સોરાણી દવારા જનરલ બોર્ડમાં ઉનાળાની ઋતુમાં મનપા પાણી વિતરણ શહેરના તમામ વિસ્તાર સુધી કઈ રીતે પહોંચાડશે તેમજ પાણી કાપ નહીં મૂકે તેમજ રાજકોટને પાણી પૂરુ પાડતા જળાશયોની સ્થિતિ શું છે. માથાદીઠ પાણીની જરૂરિયાત પૂર્ણ કરવા તંત્ર દવારા શું પગલા લેવાશે. વધુમાં હાલ મચ્છરજન્ય તેમજ પાણીજન્ય રોગોના કારણે બીમારીનું પ્રમાણ વધ્યું છે. જે કાબુમાં લેવા કેવા પગલા ભરવામાં આવ્યા છે. સાથે સાથે પ્રીમોન્સુન કામગીરી અંગે પણ પ્રશ્ન પૂછાયો છે.

# રાજકોટનો આસિસ્ટન્ટ ઓડિટ ઓફિસર રૂા.30 હજારની લાંચ લેતા ઝડપાયો

## મહેસાણા ક્ષય કેન્દ્ર અને મેડીકલ ઓફિસરના ઓડીટ વખતે ભૂલો નહીં કાઢવા રૂા.૬૫ હજારની લાંચ માંગી હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ એજી ઓફિસનો ઓડીટ ઓફિસર મહેસાણામાં રૂ.30 હજારનો લાંચ લેતા એસીબીના હાથે રંગેહાથ પકડાયો છે. મહેસાણા ક્ષય કેન્દ્રમાં મેડિકલ ઓફિસરની ચેમ્બરમાં જ એસીબી એ છટકું ગોઠવી રાજકોટના ઓફિસ ઓફ ધ પ્રિન્સિપાલ એકાઉન્ટ જનરલમાં નોકરી કરતા આસિસ્ટટ ઓડિટ ઓફિસર બજાવતાં લખનસિગ ગીરધારીલાલ મીણાને લાંચ લેતા પકડી લીધા હતા.



મહેસાણા ખાતે જિલ્લા ક્ષય કેન્દ્ર અને મેડીકલ ઓફિસરનું ઓડીટ કરવા ગયેલા બજાવતાં લખનસિગ ગીરધારીલાલ મીણાએ સરકારી કર્મચારીઓની નાની નાની ભૂલો નહીં કાઢવા અને હેરાન નહીં કરવા ૬૫ હજારની લાંચ માંગી હતી. મહેસાણા જિલ્લા ક્ષય કેન્દ્રનાં અધિકારીએ એ.સી.બી.માં ફરિયાદ નોંધાવી હતી. જે પેટે 30 હજારની લાંચ સ્વિકારતાં રાજકોટના આસિસ્ટટ ઓડિટ ઓફિસર લખનસિગ ગીરધારીલાલ મીણાને એસીબીએ રંગે હાથ ઝડપી લઈ વિશેષ તપાસ હાથ ધરી છે. તેમજ રાજકોટના તેના નિવાસ સ્થાને પણ દરોડા પાડી તપાસ કરી હતી.

# વિરમગામના પીએસઆઈના ત્રાસથી યુવાનના આપઘાત પ્રકરણમાં ખંડણીની કલમનો ઉમેરો કરવાની માંગ




(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ દીપકભાઈ ધ્રાગધરીયા ને મરવા મજબુર કર્યાના બનાવમાં પીએસઆઈ હિતેન્દ્ર પટેલ સામે ખંડણી માંગ્યાની કલમો ઉમેરવાની માંગ સાથે માનવ અધિકાર સમિતિ અને પરિવારજનો દ્વારા એસપી ઓફિસ ખાતે રજૂઆત કરવામાં આવી છે.

રાજકોટમાં રહેતાં દીપકભાઈએ લોધિકા તાલુકાના ખાંભા નજીક એક મંદિરમાં ગળાફાંસો ખાય આપઘાત કરી લીધેલ હતો. બનાવમાં આરોપી હિતેન્દ્ર પટેલ પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકે વિરમગામ રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવે છે. તેમની સામે ગુનો નોંધાયો હતો. બાદમાં પરિવારજનોએ લાશ સ્વીકારી હતી. આપઘાત કરતા પહેલા તેઓએ મોબાઇલમાં પોતાનો વિડીયો ઉતારી આપઘાતનું કારણ જણાવેલું હતું. જેમાં યુવાન પાસે ખંડણી માંગવામાં આવી હોય આ કામના આરોપી પીએસઆઈ જીતેન્દ્ર પટેલ અવારનવાર ગેરકાયદેસર ખાંડણીની માંગ કરતા હોય અને પતિને ધમકી પણ આપતા હોવાનો આક્ષેપ કરવામાં આવી જેથી ફરિયાદીના પતિ પાસે કોઈ બીજો વિકલ્પ ન હોવાથી તેને આ આપઘાત કરી લીધો હતો. આ બનાવમાં પોલીસે નોંધેલી ફરિયાદમાં વિરમ ગામના પીએસઆઈ પટેલ સામે ખંડણી માંગ્યાની કલમનો ઉમેરો કરવાની મૃતકના પરિવારજનોએ માંગ કરી જિલ્લા પોલીસ વડાને લેખીતમાં આવેદનપત્ર પાઠવી રજુઆત કરી છે.

# જમાઈની અંતિમ ક્રિયામાં અમદાવાદથી આવેલા સાસુનું બિમારી સબબ મોત

## કાલાવડ રોડ પર લક્ષ્મીના ઢોળે બનેલો બનાવઃ ૧૫ દિ' પહેલાં ગૃહકલેશથી કંટાળી યુવાને આપઘાત કર્યો'તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમા કાલાવાડ રોડ ઉપર આવેલા લક્ષ્મીના ઢોળે ૧૫ દિવસ પૂર્વે ગૃક્લેશથી કંટાળી જમાઈએ આપઘાત કરી લીધો હતો જમાઈની અંતિમ ક્રિયામાં અમદાવાદથી આવેલા સાસુ પુત્રી પાસે રોકાયા હતા અને ગઈ રાત્રે સાસુનું શ્વાસની બીમારી સબબ મોત નિપજતા પરિવારમાં શોકની લાગણી છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ અમદાવાદના વતની અને હાલ લક્ષ્મીના ઢેરે રહેતા શાંતુબેન રાજુભાઈ સોની નામના ૪૮ વર્ષના પ્રોઢા શ્વાસની બીમારી સબબ બેભાન હાલતમાં ઢળી પડ્યા હતા. પ્રૌઢાને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ ફરજ પરના તબીબે જોઈ તપાસી મૃત જાહેર કરતાં પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. પ્રાથમિક પૂછપરછમાં મૃતક શાંતાબેન સોનીના જમાઈ અશોક નેપાળીએ ૧૫ દિવસ પૂર્વે ગૃહકલેશથી કંટાળી પોતાના ઘર નજીક ઝાડમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો તેથી શાંતાબેન સોની જમાઈની અંતિમ વિધિમાં આવ્યા બાદ પુત્રી પાસે રોકાયા હતા. અને તેમનું શ્વાસની બીમારી સબબ મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે યુનિવર્સિટી પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ગોંડલમાં ત્યક્તાએ બીજા લગ્ન કરતા પૂર્વ પતિ સહિત સાત શખ્સોનો હૂમલો

## વાહન અને ઓફિસમાં તોડફોડ કરી નુક્સાન કરતા મહિલાએ ગોંડલ સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર રાજકોટ**


ગોંડલમાંઆવેલી રેમાટોકીજની બાજુમાં વોરા શેરીમાં રહેતી મહિલાએ બીજા લગ્ન કરી લેતા પૂર્વ પતિ સહિતના સાત શખ્સોએ હૂમલો કરી મકાનમાં તથા ઓફિસમાં અને વાહનોમાં તોડફોડ કરી નુક્સાન કરતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ગોંડલની વોરા શેરીમાં રહેતી અને ઘરકામ કરતી મુસ્કાનબેન શિકંદરભાઈ શેખા નામની 30 વર્ષીય મહિલાએ ફરિયાદમાં જણાવ્યું છે કે, તેના પેલા લગ્ન ઈમ્તીયાજ ઉર્ફે લાલો સાથે થયા હતા અને છુટુ કરી તેણીએ બીજા લગ્ન કરી લીધા હોય જે વાતનું આરોપીઓને સારું નહીં લાગતા સામાવારો ઈમરાન કટારીયા, ઈરફાન ઉર્ફે ઈકો ફિરોજ શેખ, મહિલાનો પૂર્વ પતિ ઈમતિયાજ ઉર્ફે લાલો, સમીર ઉર્ફે બચ્ચો, જુમખો, અજલો બાવાજી, ઈકબાલ જમાલ અને એક અજાણ્યો શખ્સ હાથમાં ધોકા અને લોખંડના પાઈપ લઈ ઘરે આવી મહિલાના પરિવારજનોને જાન થી મારી નાખવાની ધમકી આપી ઘર બહાર પાર્ક કરેલા બે એક્ટીવામાં તોડફોડ કરી નુક્સાન કર્યા બાદ મહિલાની ઓફિસે જઈ છુટા પથ્થર અને બોટલોનો ઘા કરી સીસીટીવી કેમેરા, ટીવી, ડીવીઆર તથા પાર્ક કરેલ એકટીવા, ફોરવ્હીલ અને રીક્ષામાં તોડફોડ કરી આતંક મચાવી નાસી ગયા હતા. બનાવના પગલે મહિલાએ ગોંડલ સીટી પોલીસમાં તેના પૂર્વ સહિત સાત શખ્સો વિરુધ્ધ ફરિયાદ નોંધાવતા હેડ કોન્સ્ટેબલ એમ.એમ.બોરીચાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# શાપર વેરાવળમાં મકાન ચણવા બાબતે પુત્ર સાથે ઝઘડો થતાં પિતાનો આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર-વેરાવળમાં આવેલા ગોવિંદનગરમાં મકાનનો માળ ચણવા મામલે પિતા-પુત્ર વચ્ચે માથાકુટ થઇ હતી. જેને પગલે બંન્ને વચ્ચે ઝઘડો થતા પિતાએ એસીડ પી લેતા તેમને સારવાર અર્થે અહીંની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. તેઓનું ટૂંકી સારવરામાં જ મોત નિપજ્યું હતું.



આ અંગેની માહિતી મુજબ ગોવિંદનગર પાસે ૫૦ વારીયામાં રહેતા દિપકભાઈ મંગાભાઈ સિંધવ નામના ૪૮ વર્ષના આધેડ આજે સવારે પોતાના ઘરે એસીડ પી જતાં તેમને સારવાર અર્થે સિવિલમાં ખસેડાયા હતા. તેમનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજતા પરિવારમાં અરેરાટી મચી ગઇ છે. દિપકને સંતાનમાં એક દીકરો એક દીકરી છે. પોતે ત્રણ ભાઇમાં નાના હતા અને કંપનીમાં નોકરી કરતા હતા. તેમના પરિવારના જણાવ્યા મુજબ, ઘરે હાલ ચણતરનું કામ ચાલે છે. પુત્રએ કહ્યુ ઉપર એક માળ ચણી નાખીએ પિતાએ કહ્યું કે મારે દેણુ કરીને માળ નથી બનાવો જેથી પુત્રએ કહ્યુ કે હુ બધુ દેણુ ભરી દઈશ જે બાબતે બંન્ને વચ્ચે બોલાચાલી થયા બાદ દિપકભાઇએ આજે સવારે પગલુ ભરી લીધુ હતું. દિપકભાઈનાં મોતથી પરિવારમાં અરેરાટી મચી ગઈ છે.

# ઉપલેટામાં રૂા.૨.૬૧ લાખના મોબાઈલ ચોરી કરનાર ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉપલેટાના બડાબજરં બડાબજરંગ રોડ પર આવેલ રાધે સેમસંગ સ્ટોર નામની દુકાનમા થયેલ ચોરી નો ભેદ રાજકોટ ગ્રામ્ય એલસીબીએ ગણતરી ના કલાકોમાં ભેદ ઉકેલી આરોપીને કૂલ રૂ. ૨,૬૧,૫૯૮ ના ચોરીના મોબાઈલ સાથે ઉપલેટાના શખ્સને પકડી પાડયો હતો. ઉપલેટા બડાબજરંગ રોડ પર આવેલ રાધે સેમસંગ સ્ટોર ચલાવતા સુધીરભાઈ અમૃતલાલ વેકરીયાની દુકાનમાં પાછળના ભાગે બાકોરૂ પાડી દુકાનમાંથી અલગ અલગ કંપની ના રૂ.૨.૬૧ લાખના મોબાઇલ ચોરી કર્યા અંગે ની પોતાની ફરીયાદ નોંધાવી હતી હતી. રાજકોટ ગ્રામ્ય એલ.સી.બીના પી. આઈ વી.વી.ઓડદરાની ટીમે તપાસ કરી આ ચોરીમાં સંડોવાયેલ ઉપલેટા વીજળી રોડ પર રહેતા રાહુલ પુંજાભાઈ ચંદ્રવાડીયાને રૂ ૨,૬૧,૫૯૮ની કીંમતના કૂલ ૧૭ મોબાઇલ સાથે તેના ઘરેથી પકડી પડયો હતો. રાજકોટ રેન્જ આઇજી અશોકકુમાર યાદવ અને જીલ્લા પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠૌડની સૂચના અને માર્ગદર્શન હેઠળ એલસીબી પી. આઈ વી.વી.ઓડદરા, પીએસઆઈ ડી.જી.બડવા, પીએસઆઈ એચ. સી.ગોહીલ સહિતના સ્ટાફે કામગીરી કરી હતી.



# ચોટીલામાં ગાંજાનું વાવેતર કરનાર ખેડૂતની ધરપકડ

## સુરેન્દ્રનગર એસઓજીની ટીમે શખ્સને દબોચી લઈ રૂા.૩.૭૫ લાખનો ૩૭ કિલો ગાંજાનો છોડ કબજે કર્યો

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

ટ ચોટીલા પાસેના પ્રસિધ્ધ ઝરીયા મહાદેવની નજીક આવેલ લપાણાનો ધુણો (ગૌ શાળા) પાજવાળી ગામની સીમમાં સુરેન્દ્રનગર એસઓજીએ દરોડો પાડી ગાંજાનું વાવેતર પકડી પાડયું હતું. એસઓજીએ રૂ.૩.૭૬ લાખની કિંમતના ૩૭ કિલોના ગાંજાના છોડ કબ્જે કર્યા હતા. ભાવેશભાઈ જાદવભાઈ રૂદાતલા નામના કોળી શખ્સે ગાંજાનું વાવેતર કર્યાની બાતમીને આધારે સુરેન્દ્રનગર એસઓજીએ દરોડો પાડ્યો હતો અને લીલા ગાંજાના છેડ મળી આવ્યા હતા. સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડો ગીરીશ પંડ્યાની સૂચનાથી એસઓજીના પી. આઈ એચ.જે.ભટ્ટ, પીએસઆઈ ડી.કે.સોલંકી, પીએસઆઈ વી.ઓ.વાળા સાથે એ.એસ.આઈ. પ્રવિણભાઈ ગોવિંદભાઈ આલ,હેડકોન્ટેબલ અનિરુધ્ધસિંહ મહીપતસિહ ઝાલા, મહાવીરસિહ જોરૂભા રાઠોડ, અશ્વિનભાઈ કરશનભાઈ, અનિરૂધ્ધસિંહ ભરતસિંહ ઝાલા, બળભદ્રસિહ નરેન્દ્રસીંહ મહિલા પોલીસ રૂપાબેન રસિકકુમાર સહિતના સ્ટાફે કામગીરી કરી હતી.



# ધોળકા પાસે ડમ્પર પાછળ જીપ ઘુસી જતાં પાંચ વ્યક્તિઓના કરૂણ મોત

## ગમખ્વાર અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલી મહિલા સહિત બે વ્યક્તિને સારવારમાં અમદાવાદ ખસેડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ખેડા - બગોદરા હાઈવે પર ધોળકા GIDC પાસે પંજાબકા તડકા હોટેલની સામે પરોઢના આશરે સાડા ચાર વાગ્યાના સુમારે રોડ પર બંધ હાલતમાં પડેલ એક ડમ્પરની પાછળ બોલેરો જીપ ઘુસી જતા પાંચ શ્રમજીવી યુવકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા અને બે વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ધોળકા ત્રઈઉઈ નજીક મંગળવારે પરોઢિયે ૪.30 વાગ્યાના સુમારે રોડ પર બંધ હાલતમાં ઉભેલા ડમ્પર નંબર જીજે-૧૩-એડબલ્યુ-૩૯૮૨ની પાછળ બોલેરો જીપ નંબર જીજે-૧૨-CC-9355 ધડાકાભેર ઘુસી જતા જીપમાં બેસેલા પાંચ શ્રમજીવી યુવકોના ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજ્યા હતા અને બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા.



આ બનાવની જાણ થતા ધોળકા ટાઉન પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને ઈજાગ્રસ્તો (૧) રામચંદ્ર નિતેશભાઈ ભીલવાડ અને (૨) મનીષા નિતેશભાઈ ભીલવાડને સારવાર માટે અમદાવાદ અસારવા ખાતેની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયારે મૃતદેહોને ધોળકા આરોગ્ય કેન્દ્રમાં પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપવામાં આવ્યા હતા. આ ગોઝારા માર્ગ અકસ્માતમાં મોતને ભેટેલા શ્રમજીવીઓમાં (૧) નીતિશ નાનસિંગ ભીલવાડ (૨) દિલીપ નાનસિંગ ભીલવાડ (૩) રાહુલ ખુમસિંગ ભીલવાડ (૪) પ્રમોદ ભરતભાઈ ભીલવાડ અને (૫) રાજુ માનસિંગ ખાંદરા હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. આ અકસ્માતના કારણે ટ્રાફિક જામની સ્થિતિ ના સર્જાય તે માટે પોલીસે ક્રેન બોલાવી અકસ્માતના સ્થળેથી ડમ્પર અને જીપને સાઈડમાં મુકાવ્યા હતા.

# કન્ટેનર બાબતે કોઈ વાંધો નહિ દર્શાવવા રૂા.૧ લાખની લાંચ લેનાર કસ્ટમ્સના સુપ્રિ.ના ઘરમાંથી ૧૪.૭૮ લાખની રોકડ મળી

**મુખ્ય સમાચાર, ભૂજ**

મુન્દ્રા કસ્ટમ્સમાં ઈમ્પોર્ટે હેન્ડબેગનું કન્ટેનર કિલયર કરાવવા માટે રૂપિયા એક લાખની લાંચ લેતાં કસ્ટમ્સના બે સુપરિન્ટેન્ડેન્ટ અને એક વચેટિયાને એસીબીએ ઝડપી લીધા બાદ સુપરિન્ટેન્ડેન્ટ શૈલેષભાઈ મનસુખભાઈ ગંગદેવના મુન્દ્રા સ્થિત નિવાસસ્થાને એક ટીમ દ્વારા સર્ચ કરવામાં આવતાં રૂ.૧૪,૭૮,૫૦૦ની બિનહિસાબી રોકડ રકમ મળી આવી હતી. તો બીજીતરફે, ત્રણેય આરોપીઓને અદાલતમાં રજૂ કરી રિમાન્ડની માગણી કરાતાં આગામી તા.૨ના બપોરના ચાર વાગ્યા સુધીના રિમાન્ડ મંજુર કરાયા હતા.

આ અંગેની માહિતી મુજબ ફરિયાદીએ મુન્દ્રા પોર્ટ પર હેન્ડબેગની આયાત માટે ઓર્ડર આપ્યો હતો. જે હેન્ડબેગનું કન્ટેનર મુન્દ્રા પોર્ટમાં આવતા કસ્ટમ્સ સુપરિન્ટેન્ડેન્ટ શૈલેષભાઈ મનસુખભાઈ ગંગદેવ (વર્ગ-૨), પ્રિવેન્ટિવ વિભાગના સુપરિન્ટેન્ડેન્ટ આલોકકુમાર શ્રીલક્ષ્મીકાંન્ત દુબે તેમજ મુન્દ્રાનો વચેટિયા રમેશભાઈ ગોપાલભાઈ ગઢવીએ ફરિયાદીના કન્ટેનર બાબતે વધુ કવેરી નહીં કાઢી કન્ટેનર પોર્ટ ખાતેથી પાસ કરવાની કાર્યવાહી કરાવવા માટે રૂપિયા એકલાખની લાંચની માગણી કરી હતી. જેની પશ્ચિમ કચ્છ એસીબીને ફરિયાદ કરાતાં સોમવારે છટકુંગોઠવીને આરોપી સુપરિન્ટેન્ડેન્ટ શૈલેષભાઈ ગંગદેવ, સુપરિન્ટેન્ડેન્ટ આલોકકુમાર દુબે અને રમેશ ગઢવીને લાંચ ઝડપી લીધા હતા.

આરોપીઓની ધરપકડ બાદ એસીબીના અધિકારીઓએ ટીમ સાથે આક્ષેપિતોના ઘરે સર્ચની કાર્યવાહી કરવામાં આવતાં સુપરિન્ટેન્ડેન્ટ શૈલેષભાઇ ગંગદેવના મુન્દ્રાના બારોઈ રોડ પર આવેલા અરિહંત એપાર્ટમેન્ટના પહેલા માળના નિવાસસ્થાન પરથી રૂ.૧૪,૭૮,૫૦૦ની બિન હિસાબી રોકડ રકમ મળી આવી હતી. આ રકમ અંગે આરોપીએ કોઈ સંતોષકારક ખુલાસો આપી શકયો ન હતો. ત્રણેય આરોપીઓને ભુજની કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડની માગણી કરવામાં આવી હતી. કોર્ટે ત્રણેય આરોપીના ૨જી માર્ચ સુધીના રિમાન્ડ મંજુર કર્યા હતા.

# રાજુલાના હિંડોરણા ગામે ખાસ ગ્રામ સભાનુ આયોજન કરાયું





**મુખ્ય સમાચાર, રાજુલા**

પંચાયતના સર્વાંગી વિકાસ કામગીરી અને પ્રગતિનું મૂલ્યાંકન કરવા માટે જીલ્લા વિકાસ અધિકારી પી.બી.પંડયાના માર્ગદર્શન હેઠળ રાજુલા તાલુકાના હિંડોરણા ગામે આવેલ ગ્રામપંચાયત કચેરી ખાતે ખાસ ગ્રામસભાનું આયોજન કરવામા આવ્યુ હતુ જેમાં પંચાયત વિકાસ સુચકાંક વિશેની માહિતી એકત્રીત કરી તેને ઓનલાઈન પોર્ટલ અપલોડ કરવામાં આવશે અને ગ્રામસભામા આરોગ્ય વિભાગ દ્વારા આયુષ્યમાન ભારત કાર્ડ,આભા કાર્ડ,બિનચેપી રોગોનું સ્ક્રીનીંગ અને સગર્ભા બહેનોને મળતી સહાય સહિતની વિવિધ માહિતી તાલુકા હેલ્થ ઓફિસર ડો.એન.વી. કલસરીયા, સુપરવાઈઝર પી.ડી.ચૌહાણ અને શૈલેષભાઈ ખસીયા દ્વારા અપાઈ હતી જયારે શાળાના પ્રિન્સિપાલ દ્વારા બાળકોના શિક્ષણ વિશેનુ મહત્વ સમજાવ્યુ હતુ તેમજ તલાટી કમ મંત્રી મંજુલાબેન આર.કલસરીયા દ્વારા ગામલોકોની હાજરીમા એજન્ડા મુજબ વિગતવાર ચર્ચા કરી કામગીરી હાથ ધરાઈ હતી તેમજ મંજુલાબેન આર.કલસરીયા દ્વારા સુંદર કામગીરી કરાતી હોઈ લોકોના પ્રશ્નોનું સ્થળ પરજ નિરાકરણ થતા ખાસ ગ્રામસભાને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ

# જામનગરના વિકાસગૃહમાં બહેનોની સૌરાષ્ટ્ર ઝોનકક્ષાની વુશુ સ્પર્ધા યોજાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જામનગરમાં ગુજરાત સ્પોર્ટ્સ ક્લબ સંચાલિત અને ગીર સોમનાથ માર્શલ આર્ટ ક્લબ દ્વારા વુશુ વુમન લીગ સૌરાષ્ટ્ર ઝોન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લામાંથી ૪૦૦ કરતા વધારે યુવતીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.જામનગરમાં કસ્તુરબા વિકાસ ગૃહમાં તાજેતરમાં ગુજરાત વુશુ સ્પોર્ટ્સ ક્લબ સંચાલિત અને ગીર સોમનાથ માર્શલ આર્ટ ક્લબ દ્વારા ઓપન વુશુ વુમન લીગની સૌરાષ્ટ્ર ઝોન કક્ષાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌરાષ્ટ્રના તમામ જિલ્લામાંથી ૪૦૦ કરતા વધારે દીકરીઓએ વુશુની રમતમાં હોશભેર ભાગ લીધો હતો. જામનગર જિલ્લા રમત ગમત વિકાસ અધિકારીની કચેરીમાંથી જયવિરસિંહ સરવૈયા, જયેશ ઝાલા તેમજ વુશુ એસોસીએશન ઓફ ગુજરાતના પ્રેસિડેન્ટ હિતેશકુમાર પરમારે હાજર રહીને સમગ્ર સ્પર્ધાનું સંચાલન કર્યું હતું.

# મોરબીના રામધન આશ્રમ ખાતે ભવ્ય રામકથા જ્ઞાનયજ્ઞનું આયોજન





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના મહેન્દ્રનગર ગામે આવેલ રામધન આશ્રમ ખાતે શ્રી રામ કથા જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં ધર્મપ્રેમી જનતાએ કથાશ્રવણનો લાભ લીધો હતો.

મુકેશ ભગતના જણાવ્યા અનુસાર, રામધન આશ્રમ મોરબી ખાતે જય માતાજી ગુરુકૃપા સેવા સમિતિ દ્વારા ભવ્ય જ્ઞાન રામકથા જ્ઞાન યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વ્યાસપીઠ પર રત્નેશ્વરી દેવીએ કથાનું રસપાન કરાવ્યું હતું. કથા દરમિયાન અનેક સંતો-મહંતો, રાજકીય આગેવાનો, જુદી જુદી જ્ઞાતિના આગેવાનો, મહિલા મંડળો, જલારામ પ્રાર્થના મંદિરનાં આગેવાનો તથા જુદા-જુદા ગામથી ભક્તો પધાર્યા હતા. જેને લઈ દરેક માટે સમૂહ પ્રસાદનું આયોજન કરાયું હતું. તેમજ કાર્યક્રમમાં વિવિધ પ્રસંગો ૧૦૮ લોટ રાંદલ, મહાયજ્ઞ, મેડિકલ કેમ્પ વગેરે પણ યોજાયા હતા. તેમ મુકેશ ભગત દ્વારા જણાવવામાં આવ્યું હતું

# ભગવતીપરાના પૂલ પાસે ઓટો રિક્ષામાં મોંઘીદાટ વિદેશી દારૂના જથ્થા સાથે ત્રણ ઝડપાયા

## ડીસીપી ઝોન-૧ એલસીબીની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવી રાજસ્થાન, હરિયાણા અને ગંજીવાડાના ત્રણ બુટલેગરને દબોચી લઈ રૂ.૧.૪૧ લાખનો મુદામાલ કબજે કર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામાકાંઠે વિદેશી દારૂના વેંચાણ કરતા બુટલેગરો બેફામ બન્યા હોય ત્યારે પોલીસે પણ બાતમીદારોનું નેટવર્ક કામે લગાડી બુટલેગરો સામે લાલ આંખ કરી છે ત્યારે ડીસીપી ઝોન-૧ એલસીબી ટીમને મોંઘીદાટ વિદેશી દારૂના જથ્થા સાથે ત્રણ બુટલેગરોને ઝડપી લેવામાં સફળતા મળી છે. પોલીસે રીક્ષા સહિત રૂ.૧.૪૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.



આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ડીસીપી ઝોન-૧ એલસીબી ટીમના પીએસઆઈ બી.વી.બોરીસાગર, હેડ કોન્સ.વિજેન્દ્રસિંહ, જીતુભા સહિતનો સ્ટાફ સામાકાંઠે નાઈટ પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે પોલીસે ભગવતીપરાના પૂલ પાસે વોચ ગોઠવી હતી તે દરમિયાન વહેલી સવારે ઓટો રીક્ષા નં.જીજે૭એટીપ૩૩૪માં ત્રણ શખ્સો સંકાસ્પદ રીતે નિકળતા પોલીસે તેનો પીછો કરી અટકાવી તલાસી લેતા રીક્ષામાંથી અલગ-અલગ બ્રાંડની મોંઘીદાટ ૮૦ બોટલ મળી આવી હતી. રીક્ષામાં બેઠેલા શખ્સોની પૂછપરછ કરતા ભાવનગર રોડ પર ગંજીવાડા શેરી-૮માં રહેતો હિરેન રામજી રાઠોડ તથા રાજસ્થાનના ભૂરીયા ખેરા ગામનો ગુલશનસિંગ રાજુસિંગ પવાર અને હરિયાણાના વિકાસનગરનો રાહુલ ઉર્ફે ચીકુ પવનકુમાર બાનખડની ધરપકડ કરી રીક્ષા અને મોબાઈલ સહિત રૂ.૧.૪૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# રાજકોટ-કાલાવડ રોડ પર મેટોડા પાસે વિદેશી દારૂ ભરેલું કન્ટેનર ઝડપાયું

## પોલીસે મીઠાના કોથળાની આડમાં છુપાવેલ ૩૩૮૪૦ દારૂના ચપલા તથા કન્ટેનર સહિત રૂ.૪૩.૯૪ લાખનો મુદામાલ કબજે કરી ત્રણ શખ્સોની કરી ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં બુટલેગરો માટે દારૂના કટીંગ માટે સ્વર્ગ સમાન કેટલાક સ્થળો આવેલા હોય જેમાં મેટોડા ઈન્સ્ટ્રીઝ ઝોનમાં કેટલાક સ્થળો દારૂના કટીંગ માટે કુખ્યાત બનયા હોઈ જેના પગલે મેટોડા જીઆઈડીસી પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.એચ.ગોહિલ સહિતના સ્ટાફે બાતમીના આધારે રાજકોટ-કાલાવડ હાઈવે પર બંધબોડીના કન્ટેનરમાં મીઠાની આડમાં છુપાવેલો વિદેશી દારૂનો મસમોટો જથ્થો ઝડપી પાડી રૂ.૪૩.૯૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ત્રણ શખ્સોની ધરપકડ કરી છે. જ્યારે દારૂની સપ્લાય કરનાર બે શખ્સોના નામ ખૂલતા તેની શોધખોળ શરૂ કરવામાં આવી છે.



આ અંગેની માહિતી મુજબ મેટોડા જીઆઈડીસી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.એચ.ગોહિલ હેડ કોન્સ્ટેબલ યોગિરાજસિંહ, છત્રપાલસિંહ, મયુરસિંહ સહિતનો સ્ટાફ રાજકોટથી કાલાવડ તરફ જતા હાઈવે પર પેટ્રોલિંગમાં હતા ત્યારે સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી કે, અમરેલીનો મેહુલ ઉર્ફે લાલો રમેશ ચાવડા નામનો શખ્સ દારૂનો જથ્થો લઈ નિકળવાનો હોવાનો હકીક્તના આધારે પોલીસે પાઠક સ્કૂલ પાસે વોચ ગોઠવી હતી. તે દરમિયાન એક બંધ બોડીની ટાટા કન્ટેનર નં.જીજે૩૬વી૨૦૬૦નંબરનું સંકાસ્પદ નિકળતા પોલીસે તેને અટકાવી અમરેલીનો મેહુલ ઉર્ફે લાલો ચાવડા તથા ડ્રાઈવર અમદાવાદનો જમીત શંકરલાલ પટેલ અને યુપીનો ગજસેન હરીલાલ માજી નામના ત્રણેય શખ્સોની અટકાયત કરી બંધબોડીના કન્ટેનરની તલાસી લેતા મીઠાની આડમાં છુપાવેલો વિદેશી દારૂના ૩૮૪૦ ચપલા કિંમત રૂ.૩૩.૮૪ લાખ અને એક મોબાઈલ સહિત કન્ટેનર સહિત રૂ.૪૩.૯૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આકરી પૂછપરછ કરતા વિદેશી દારૂનો જથ્થો મુકેશ વસેયા અને રાહુલ નામના શખ્સે મોકલાયાની કબૂલાત આપતા પોલીસે આ બંનેની શોધખોળ આદરી છે.

# મિલ્કતના ભાગ બાબતે ટ્રાવેલ સંચાલકને કૌટુંબિક શખ્સે આપી ધમકી

**મુખ્ય સમાચાર રાજકોટ**

જામનગર રોડ પર ઘંટેશ્વર એસઆરપી કેમ્પ પાસે વર્તમાન બંગલોમાં રહેતા મહેન્દ્રસિંહ બલવંતસિંહ ઝાલાએ ભક્તિનગર પોલીસમાં તેના કુંટુંબિક સંજયરાજસિંહ ઉર્ફે ચીકુ સામે ફરિયાદ નોંધાવી છે કે, ગઈકાલે પોતે મવડી મેઈન રોડ પર તેઓની મોન્ટુ રાજા નામની ટ્રાવેલ્સની ઓફિસે હતા ત્યારે આ શખ્સે મીલક્તના ભાગ બાબતે ફોન કરી પરિવારને તથા ટ્રાવેલસંચાલકને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવતા હેડ કોન્સ્ટેબલ નરેન્દ્રભાઈએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# વડોદરાના લક્ષ્મીપુરા ગામમાંથી ૧૨ વર્ષનો કિશોર ગૂમ થયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

વડોદરામાં આવેલ લક્ષ્મીપુરા ગામમાં સૌરવ સોસાયટી પાછળ શીવકૃપા સોસાયટીમાં રહેતા દર્શનાબેન પંકજભાઈ મક્વાણા નામની મહિલાનો ૧૨ વર્ષ પુત્ર જૈનિલ પંકજભાઈ મક્વાણા ગઈકાલે બપોરે ત્રણ વાગ્યાથી સાંજના ૭:૩૦ વાગ્યા દરમિયાન ગૂમ થઈ જતા લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં ગૂમ થયાની ફરિયાદ કરી છે. આ બાળકની ઉંમર ૪.૨ ઈંચ છે. તેણે બ્લેક ટી શર્ટ પહેરેલ છે. તેનો રંગ ઘઉંવર્ણન છે. તેને હિન્દી ગુજરાતી અને અંગ્રેજી બોલતા આવડે છે. આ બાળકની કોઈને જાણ થાય તો લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં જાણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.



# ધોરાજીમાં પ્રેમ પ્રકરણ બાબતે મહિલા સહિત ચાર શખ્સોએ યુવાનનું અપહરણ કરી ધોકાવ્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

માંગરોળમાં આવેલ લુહાર વાડી બંદર રોડ પર રહેતો બુરાનનીયા ઈકબાલ કાદરી (ઉ.વ.૨૨)નામના યુવાને ધોરાજી પોલીસમાં ફરજાના અબ્દુલ બકાલી, આદીલ સોઢા, ફેજલ સોઢા, આસીફ જેઠવા, સોયબાન ઓશમાન સહિત પાંચ શખ્સો વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, તેની પ્રેમિકા અસમાનબેન કાસમભાઈ સોઢા ધોરાજીમાં તેની માસી ફરજાનાના ઘરે હતી ત્યારે તેની મળવા આવતા તેની માસી સહિતના પાંચ શખ્સોએ ઘરમાં લઈ જઈ બેફામ મારમારી બાદમાં બાઈક પર અપહરણ કરી વંથલી કોઈની વાડીએ લઈ જઈ જાડ સાથે બાંધી બેફામાર માર્યો હોવાની ફરિયાદ નોંધાવતા પીએસઆઈ પી.કે.ગોહિલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ સહિત અનેક જિલ્લામાં મંદિરોમાં ચોરી કરનાર ત્રણ શખ્સો ઝડપાયા

## જૂનાગઢ એલસીબી ટીમે દબોચી લઈ પપથી વધુ મંદિરમાં થયેલી ચોરીના ભેદ ઉકેલી નાંખ્યા

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જુનાગઢ એલસીબીનો પોલીસ કાફલો રાત્રિ દરમિયાન બિલખા રોડ પર પેટ્રોલિંગમાં હતો ત્યારે ત્રણ શખ્સોને શંકાસ્પદ હાલતમાં પીછો કરી ઝડપી લીધા બાદ પૂછપરછ કરાતા એક પછી એક પપ ચોરીઓની કબુલાત આપી હતી. આ ટોળકી મોટાભાગે મંદિરોને નિશાન બનાવતી હતી અને સમગ્ર સૌરાષ્ટ્રની ચોરી ખુલવા પામી છે. આ તસ્કર ત્રિપુટી જુનાગઢ એલસીબીના ખાતે ઝડપાઈ જતા મોટી સફળતા મળી છે.



આ અંગેની માહિતી મુજબ આ અંગે જુનાગઢ એસપી. હર્ષદ મહેતાના જણાવ્યા અનુસાર, જુનાગઢથી બિલખા રોડ પર પ્લાસવા ગામના પાટીયા પાસે જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચ ચેકિંગમાં હતી તે દરમિયાન નંબર પ્લેટ વગરની બાઈકમાં ત્રણ શખસો પસાર થઈ રહ્યા હતા તેને રોકવાનો પોલીસ દ્વારા પ્રયાસ કરવામાં આવતા આ ત્રણેય બાઈક દોડાવી મૂકી હતી, ત્યારે પોલીસે તેની પાછળ દોડીને ફિલ્મી ઢબ્બે પીછો કરીને ત્રણેયને પકડી પાડ્યા હતા અને તેની તલાસી લેતા સોના ચાંદીના દાગીના સહિતનો મુદ્દામાલ મળી આવતા ત્રણેય શખ્સોને ઝડપી પાડયા હતા. આ શખ્સોની વધુ પૂછપરછ કરતા ત્રણેય શખ્સોએ ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાના અનેક મંદિરોમાં પપ જેટલી ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. જેમાં જુનાગઢ જિલ્લાના મેંદરડા, કેશોદ અને વિસાવદર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનો સાથે અમરેલી જિલ્લાના ધારીમાં ૨, તેમજ દાહોદ જિલ્લાના પીપલોદ તેમજ રાજકોટ તાલુકા પોલીસમાં નોંધાયેલ ગુનાના ૭ અનડિટેકર ગુના શોધી કાઢવામાં આવ્યા હતા.

જુનાગઢ એસપી હર્ષદ મહેતાના વધુમાં જણાવ્યા અનુસાર, મંદિર ચોરી કરતી ટોળકીના ત્રણ સાગરિકોને ઝડપી પાડી, તેની પાસેથી ચાંદીના છત્તર, સોનુ અને ચાંદીના ઢાળિયા મળી કુલ રૂ. ૨,૧૬,૯૯૫ નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. ઝડપાયેલા આરોપીઓમાં સાગર ઉર્ફે લાલો કમલેશ ગોહિલ હાલ રાજકોટ તથા ભીખુ ઉર્ફે વિજય રામજી કટારીયા હાલ રહેવાસી રાજકોટ તેમજ રોહિત રામજી ગોકળિયા મૂળ રહેવાસી કાળેલા ગામ તાલુકો મહુવા હાલ રહેવાસી રાજકોટ વાળાને ઝડપી લેવામાં આવ્યા છે. તથા રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં તમામને રજૂ કરવામાં આવશે.

# શહેર પોલીસમાં એક પીએસઆઈ સહિત ૬૦ પોલીસ કર્મી.ઓની આંતરિક બદલી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભાની ચૂંટણીના કારણે રાજ્ય સરકાર દ્વારા વહીવટી તંત્ર અને પોલીસ તંત્રમાં બદલીનો દૌર શરૂ કર્યો છે જેમાં થોડા દિવસ પહેલા મામલતદાર, ડેપ્યુટી કલેકટર અને સનદી અધિકારીઓની બદલીઓના મોટા લિસ્ટ બહાર કાઢયા બાદ પોલીસ તંત્રમાં ફેરફારો શરૂ કર્યા છે.ત્યારે આઈપીએસની બદલીના ઓર્ડર નિકળે તે પૂર્વે શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ દ્વારા શહેર પોલીસે બેડામાં ફરજ બજાવતા ૬૦ પોલીસમેનની બદલીના ઓર્ડર કાઢયા છે. જેમાં ખાસ કરીને શહેરમાં ત્રણ કે તેથી વધુ સમયથી એક જ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હોય તેવા પોલીસમેનની બદલીઓના ઓર્ડર નિકળ્યા છે.જેમાં એક ફોજદાર સહિત ૬૦ પોલીસમેનની આંતરિક બદલી કરવામાં આવી છે. રાજકોટ પોલીસ કમિશન દ્વારા શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશન બ્રાંચ અને હેડ કવાર્ટરમાં ફરજ બજાવતા પોલીસમેનની બદલીઓ કરવામાં આવી છે જેમાં એક પીએસઆઈ,બે એએસઆઈ ૧૭ હેડ કોન્સ્ટેબલલૂ૩૩ કોન્સ્ટેબલ અને સાત એલઆરડીનો સમાવેશ થાય છે.



# જસદણના ગઢડિયા ગામે અચાનક ધુણવા લાગતી યુવતીનો આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણના ગઢડીયા ગામે ધુણવાની બીમારીથી કંટાળી ૨૨ વર્ષની પાયલ જાંબુકીયા નામની યુવતીએ ફાસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

આ અંગેની માહિતી મુજબ ગઢડીયા ગામે રહેતી પાયલ છગનભાઈ જાંબુકીયા (ઉ.વ.૨૨) નામની યુવતી ઘરે એકલી હતી.તેમજ પરિવારજનો પાડોશમાં લગ્ન પ્રશંગમાં ગયાં હતાં ત્યારે યુવતીએ ઘરે રૂમમાં પંખાના હુકમાં ચુંદડી વડે ફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પરિવારના સભ્યો ઘરે આવતા યુવતી તાકીદે સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ટૂંકી સારવારમાં દમ તોડી દેતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી. બનવા અંગે પોલીસે જરૂર કાર્યવાહી હાથ ધરી હતી. તેમજ પરીવાર દ્વારા જાણવા મળ્યું હતું કે યુવતી છેલ્લા બે મહિનાથી માનસિક બિમારીથી પીડાતી હતી અને તે ૧ ઘરે ઘરે ધુણવા લાગતી હતી હોવાનુ જાણવા મળ્યું હતું. વધુમાં પાયલબે ભાઈની એક બનાવથી પરિવારમાં કાળો કલ્પાંત છવાયો હતો. જેથી આવું પગલું ભર્યું ની એક બહેન હતી.

# ગોંડલમાં આર્થિક ભીંસથી કંટાળી યુવાને એસિડ ગટગટાવ્યુંઃ મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલમાં આવેલા પ્રમુખસ્વામી પાર્કમાં રહેતા યુવાને આર્થિક ભીંસના કારણે દેવું વધી જતા એસિડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો યુવકને બેશુદ્ધ હાલતમાં તાત્કાલિક સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ગોંડલમાં આવેલા પ્રમુખસામી પાર્કમાં રહેતા નિલેશ નથુરામભાઈ જાદવ નામનો ૩૭ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો. ત્યારે સાંજના છએક વાગ્યાના અરસામાં એસિડ પી લીધું હતું. યુવકને બેશુદ્ધ હાલતમાં તાત્કાલિક સારવાર માટે ગોંડલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની તબિયત નાજુક જણાતા વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ બનાવ અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે ગોંડલ પોલીસને જાણ કરતા ગોંડલ પોલીસ માયકનો સ્ટાફ તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ સાથે દોડી આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં એસિડ પી લેનાર નિલેશ જાદવ કેટરસનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે નિલેશ જાદવ ચાર ભાઈમાં નાનો છે અને તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. આર્થિક ભીંસના કારણે દેવું વધી જતા નિલેશ જાદવે એસીડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. ગોંડલ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# હોલીડે ટુર પેકેજના બહાને અનેક લોકો સાથે છેતરપિંડી કરનાર વડોદરાનો શખ્સ ઝડપાયો

## ભેજાબાદ શખ્સ ઓફિસને તાળા મારી ભુગર્ભમાં ઉતરી ગયોઃ પોલીસે મોબાઈલ લોકેશનના આધારે દબોચી લીધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વિદેશમાં ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના સારા પેકેજ આપવાના નામે લોકો સાથે છેતરપિંડી આચરનાર વડોદરાના ભેજાબાજને રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસની ટીમે ઝડપી લીધો હતો.આરોપીએ રાજકોટમાં કુલ ૨૧ વ્યક્તિઓ સાથે રૂપિયા ૨૪.૭૫ લાખની છેતરપિંડી કરી હતી.



આ અંગેની માહિતી મુજબ વેપારી દિલીપભાઈ રસિકભાઈ લુણાગરિયા દ્વારા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી કે, આરોપીએ મોબાઈલ નંબર પરથી તેમનો સંપર્ક સાધી ધ પાર્ક પીવેરા હોલીડેની ખોટી ઓળખ આપી વિયતનામ નામનું છ રાત અને સાત દિવસનું પેકેજ પર પર્સન રૂપિયા ૭૫૦૦૦ જણાવી ફરિયાદી તથા તેમના પત્નીના આ પેકેજના કુલ રૂપિયા દોઢ લાખ જણાવ્યું હતું. બાદમાં પેમેન્ટ માટે ફરિયાદી પાસેથી તેમની બેંકના ક્રેડિટ કાર્ડ નંબર તથા સીવીસી કોડ ગેરકાયદે રીતે મેળવી તેમના ક્રેડિટ કાર્ડમાંથી કુલ રૂપિયા દોઢ લાખ ઉપાડી લઈ તેમની સાથે છેતરપિંડી કરી હતી.આ અંગે સાઇબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થતા એસીપી વી.આર. રબારીની રાહબરી હેઠળ પીઆઈ એમ.એ.ઝણકાટ તથા ટીમે તપાસ હાથ ધરી હતી.આરોપી રાહુલ પ્રમોદકુમાર ગુપ્તા (રહે વડોદરા)ને ઝડપી લીધો હતો અને બાદમાં રાજકોટ લાવી જેલહવાલે કર્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે આરોપીએ મેહુલે સસ્તામાં હોલી ડે પેકેજની મેમ્બર શિપ આપવાના નામે ફરિયાદી વેપારી ઉપરાંત અન્ય ૨૧ વ્યક્તિઓ પાસેથી નાણાં લઈ પેકેજ નહીં આ છેતરપિંડી કરી હોયઅને છેતરપિંડીનો આંકડો કુલ ૨૪,૭૫,૮૬૦ હોવાનું માલુમ પડ્યું હતું. જેથી ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ ઊંડાણપૂર્વક તપસ હાથ ધરી ગુનાના કામે વપરાયેલ મોબાઈલ નંબરની વિગતો મેળવી તેનું ટેકનિકલ એનાલિસિસ કરી આરોપી રાહુલ પ્રમોદ ગુપ્તાની ઓળખ મેળવી લઈ અને તેની વડોદરા તથા અમદાવાદ ખાતે ઓફીસ હોવાની વિગત મળતા તપાસ કરતા બંને ઓફિસ બંધ કરી તે નાસી ગયો હોવાનું માલુમ પડયું હતું બાદમાં આરોપીના રહેણાંક સરનામે તપાસ કરતા તે અહીં પણ મળી આવ્યો ન હતો.

સોશિયલ મીડિયા એકાઉન્ટના માધ્યમથી આરોપીના હાલના નંબર મેળવી તેના આધારે તપાસ હાથ ધરી તેનું લોકેશન મેળવી આરોપી રાહુલ પ્રમોદકુમાર ગુપ્તાને ઝડપી લીધો હતો.આ કામગીરીમાં સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના એસીપી વી.એમ. રબારીની રાહબરી હેઠળ પીઆઈ એ.એ.જનકાત, એએસઆઈ વિવેક કુછડીયા, હેડ કોન્સ્ટેબલ સંજય ઠાકર, પ્રદીપ કોટડ સહિતનાઓ સાથે રહ્યા હતા.

# ઊના તોડકાંડમાં નાસતા ફરતાં ASI નિલેષ મૈયાની ધરપકડ

## બે માસથી ફરાર પોલીસ કર્મીની આગોતરા જામીન અરજી નામંજુર થતાં ફરજિયાત પોલીસ સ્ટેશનમાં હાજર થવું પડયું

**મુખ્ય સમાચાર, ઊના**

ગીર સોમનાથ (વેરાવળ) એસીબી દ્વારા ઊના નાં માંડવી ચેક પોસ્ટ (ધોઘલા) ઉપર એ.સી.બી.ની રનીંગ ડીકોયની રેડ બાદ નાસી છૂટેલા ઊના એ એસ આઈ નિલેષ મૈયા સામે ગુન્હો નોંધાયો હતો અને તપાસ અંતર્ગત દાખલ થયેલ ગુનામાં નાસતા ફરતા આરોપી નિલેષ છગનભાઈમૈયાએ.એસ.આઈ, ઉના પોલીસ સ્ટેશન નાં પોલીસ કર્મીનીધરપકડએ.સી.બી.એ કરતાં તોડકાંડ પ્રકરણ નાં ત્રણેય નિલેષ આખરે એસીબી નાં સંકજા માં આવતાં કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

દીવ સંઘપ્રદેશ તરફ થી ગુજરાતમાં પ્રવેશતા વાહનોને ઉના માંડવી (ધોઘલા) ચેક પોસ્ટ ખાતે વાહનો રોકી તથા ચેક કરી કોઈ ને કોઈ બહાને ફરજ પરની પોલીસ કર્મચારી નિલેષ મૈયા દ્વારા ભ્રષ્ટ રીત રસમો અપનાવી નાણા પડાવતા હોવાના આક્ષેપો વાળી મળેલ રજુઆત આધારે રીંગ ડીકોય અન્વયે ગીર સોમનાથ એ.સી.બી. પો.સ્ટે. ગુ.ર.નં-૦૧/૨૦૨૪ભ્ર.નિ. અધિ. ૧૯૮૮ (સુધારા-૨૦૧૮) ની કલમ-૭અ, ૧૨, ૧૩(૧), ૧૩(૨) તથા ઈ.પી.કો. કલમ-૧૨૦(બી) તથા ૩૪ મુજબનો ગુનો નોંધી ને રાજકોટ એસીબી અધિકારી દ્વારા ઈન્કવાયરી થયાં બાદ તા-૦૫/૦૧/૨૦૨૪ ના રોજ ગુનો દાખલ થયેલ. અને તે સમયે આરોપી નિલેષ અભેસીંગ તડવ (પ્રજાજન પોલીસ વચેટીયો પકડાઈ ગયેલ હતો. અને એ એસ આઈ નિલેશ મૈયા તેમજ ગુનામાં નાસતા ફરતો હતો.

આ અગાઉ આરોપી નિલેષપુરી કૈલાષપુરી ગોસ્વામી, પોલીસ ઈન્સ્પેક્ટર, ઉના ને એસીબી સમક્ષ હાજર થતાં આ ગુનાના કામે તા-૨૨/ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ ધરપકડ કરવામાં આવેલ હતી અને તેને ઉના કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો જેમાં તેને દશ દિવસ નાં રીમાન્ડ મંજૂર કરવામાં આવતાં હાલ એ સી બી ની કસ્ટડી માં સોંપેલ હોય ત્યારે આ તોડકાંડ પ્રકરણ માં સંડોવાયેલા એ એસ આઈ નિલેષ એસીબીના શરણે થતા પોલીસે તેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# શહેરમાં સાયબર ક્રાઈમનો ભોગ બનેલાં અરજદારોને પોલીસે રૂા.૨.૨૪ લાખ પરત અપાવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભાની ચૂંટણીના કારણે રાજ્ય સરકાર દ્વારા વહીવટી તંત્ર અને પોલીસ તંત્રમાં બદલીનો દૌર શરૂ કર્યો છે જેમાં થોડા દિવસ પહેલા મામલતદાર, ડેપ્યુટી કલેકટર અને સનદી અધિકારીઓની બદલીઓના મોટા લિસ્ટ બહાર કાઢયા બાદ પોલીસ તંત્રમાં ફેરફારો શરૂ કર્યા છે.ત્યારે આઈપીએસની બદલીના ઓર્ડર નિકળે તે પૂર્વે શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ દ્વારા શહેર પોલીસે બેડામાં ફરજ બજાવતા ૬૦ પોલીસમેનની બદલીના ઓર્ડર કાઢયા છે.જેમાં ખાસ કરીને શહેરમાં ત્રણ કે તેથી વધુ સમયથી એક જ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હોય તેવા પોલીસમેનની બદલીઓના ઓર્ડર નિકળ્યા છે.જેમાં એક ફોજદાર સહિત ૬૦ પોલીસમેનની આંતરિક બદલી કરવામાં આવી છે. રાજકોટ પોલીસ કમિશન દ્વારા શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશન બ્રાંચ અને હેડ કવાર્ટરમાં ફરજ બજાવતા પોલીસમેનની બદલીઓ કરવામાં આવી છે જેમાં એક પીએસઆઈ,બે એએસઆઈ ૧૭ હેડ કોન્સ્ટેબલલૂ૩૩ કોન્સ્ટેબલ અને સાત એલઆરડીનો સમાવેશ થાય છે.



# જેતપુરમાં બાળકના અપહરણના ગુનામાં બીએસએફ જવાનને ૭ વર્ષની કેદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જેતપુર આઠ વર્ષ પૂર્વે બીએસએફના જવાન દ્વારા એક ચાર વર્ષના બાળકનું લગ્નના પાર્ટી પ્લોટમાંથી અપહરણ કરવાના ચર્ચાસ્પદ બનાવનો કેસ એડિશનલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા કોર્ટે આરોપી બીએસએફ જવાનને સાત વર્ષની સખત કેદ અને દસ હજાર રૂપિયાના દંડની સજા ફટકારી હતી. શહેરના જનતા નગર આલ્ફા સ્કૂલ પાસે રહેતા કિશોરભાઈ રાખોલીયા ૧૭ ફેબ્રુઆરી ૨૦૧૬ના સાંજના સમયે પોતાના મિત્ર રસિકભાઈ વેકરીયાની પુત્રીના લગ્ન સમારોહમાં રજવાડી પાર્ટી પ્લોટ ખાતે પરિવાર સાથે ગયેલ હતાં. ત્યારે તેની સાથે રહેલ તેનો ચાર વર્ષનો પુત્ર દ્ર ગુમ થઈ જતાં કિશોરભાઈએ સીટી પોલીસ સ્ટેશનમાં રુદ્રના અપહરણની અજાણ્યા શખ્સ સામે ફરીયાદ નોંધાવી હતી.



ચાર વર્ષના બાળકના અપહરણની ફરીયાદ થતાં જ પોલીસ વિભાગે રુદ્રનો ફોટો પોલીસ ગ્રુપ તેમજ સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો. તેમાં બનવા જોગ તત્કાલીન કોટડા સાંગાણી પીએસઆઈ આર. જે. રામ સાથી પીએસઆઈ સાથે પોલીસ ટ્રેન ટ્રેનીંગમાં ટ્રેન મારફત જતાં હતાં. ત્યારે તેમના મોબાઈલ પર પણ સ્તનો ફોટો આવેલ અને જે ફોટો આવેલ તેવો જ એક બાળક એક યુવાન સાથે તેમની સામેની સીટ પર જ બેઠો હતો. જેથી પીએસઆઇ રામે સતર્કતા વાપરી બાળકનો ફોટો અપહરણકારની જાણ બહાર કેપ્ચર કરી તપાસનીશ અધિકારીને મોકલેલ. અને તપાસનીશે તે ફોટો ફરીયાદીને બતાવતા ફોટાવાળો બાળક પોતાનો જ પુત્ર હોવાનું જણાવેલ. જે જાણ ટ્રેનમાં મુસાફરી કરી રહેલ પીએસઆઈને જાણ કરઈ અને ટ્રેન મહારાષ્ટ્રના ભુસાવાલ સ્ટેશને પહોંચતા ત્યાંની પોલીસને પણ અગાઉથી જાણ કરી તે પોલીસની મદદથી પીએસઆઈ રામ દ્વારા અપહરણકારના ચુંગાલમાંથી રુદ્રને હેમખેમ બચાવીને આરોપીને ઝડપી લીધો હતો. આરોપીને પોલીસે દબોચ્યા બાદ આરોપી બીએસએફમાં પંજાબમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતો રાકેશપ્રસાદ સિંહ અવધેશનારાયણ સિંહ રાજપૂત હોવાનું ખુલ્યું હતું. અને આરોપીને પોતાની પુત્રીના લગ્ન માટે દહેજની રકમ એકઠી કરવા બાળકના પિતા પાસેથી ખંડણી વસૂલવા બાળકનું અપહરણ કર્યું હોવાનું સ્વીકાર્યું હતું. બાળકના અપહરણના તત્કાલીન સમયે ચર્ચાસ્પદ બનેલ આ ગુન્હાનો કેસ એડિશનલ સેસન્સ કોર્ટમાં ચાલી જતાં. સરકારી વકીલ કે.એ. પંડ્યાએ ૩૪ સાહેદો અને વીસ દસ્તાવેજી પુરાવા સાથેની દલીલના આધારે એડિશનલ સેસન્સ જજ એલ.જી. ચુડાસમાએ આરોપી બીએસએફ જવાનને દોષિત ઠેરવી સાત વર્ષની સખત કેદ અને દસ હજાર રૂપિયાના દંડની સજા ફટકારી હતી.